


RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 154
Dt.: 10-04-2026, Friday
Page:04
Rs.00.50 paisa


### ભ્રષ્ટાચારીઓ પણ થશે જેલભેગા: બંગાળમાં વડાપ્રધાન મોદીની ૬ ગેરંટી

# બંગાળમાં દરેક દુષ્કર્મ કેસ, જૂના કૌભાંડનો ફાઈલો ખોલાશે: વડાપ્રધાન મોદી

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હલ્દિયામાં જનસભા ગજવીને સત્તાધારી તૃમણૂલ કોંગ્રેસ અને મુખ્યમંત્રી મમતા બેનરજી પર આકરા પ્રહારો કર્યા છે



(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

પશ્ચિમ બંગાળમાં ૨૩ અને ૨૯ એપ્રિલે મતદાન યોજાવાનું છે, ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હલ્દિયામાં જનસભા ગજવીને સત્તાધારી તૃમણૂલ કોંગ્રેસ અને મુખ્યમંત્રી મમતા બેનરજી પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે સંબોધનમાં બંગાળમાં ભાજપની જીત માટે પ્રજા પાસે આર્શિવાદ માંગ્યા છે. આ સાથે તેમણે બંગાળની પ્રજાને છ ગેરેન્ટી પણ આપી છે. પીએમ મોદીએ સ્પષ્ટ કહ્યું છે કે, 'પશ્ચિમ બંગાળમાં ભાજપની સરકાર આવતા જ દરેક દુષ્કર્મ કેસ, જૂના કૌભાંડનો ફાઈલો ફરી ખોલવામાં આવશે અને ભ્રષ્ટાચારીઓને જેલ ભેગા કરીદેવામાં આવશે. બંગાળની પ્રજાએ દરેક અડચણો પાર કરીને અને દરેક પડકારોને હરાવવાનું મન બનાવી લીધું છે. આ ચૂંટણી સામાન્ય નથી, પણ રાજ્યમાં બદલાવની એવી આંધી છે, જે ટીએમસી સરકારની વિદાય કરવા માટે પુરતી છે. વડાપ્રધાને એમ પણ કહ્યું કે, બંગાળની આ ચૂંટણી નાની-મોટી ચૂંટણી નથી, પરંતુ બંગાળનું ખોવાયેલું ગૌરવ અને તેની જૂની ઓળખ પરત લાવવાની લડાઈ છે. જો આપણે ખરેખર બંગાળનો વિકાસ કરવાનું સ્વપ્ર પુરુ કરવા માંગીએ છીએ તો સૌથી પહેલા આ નિર્દર સરકારને સત્તામાંથી બહારનો રસ્તો બતાડવો પડશે. પીએમ મોદીએ વધુમાં કહ્યું કે, 'આજે આખે દેશ ઝડપી વિકાસ કરી રહ્યો છે, પરંતુ ટીએમસીની નીતિ બંગાળને પાછળ ધકેલી રહી છે. એક સમયે બંગાળ આખા દેશમાં વેપાર અને ઉદ્યોગોમાં મહત્ત્વનું યોગદાન આપતું હતું, પરંતુ આજના સમયમાં બંગાળને ઘણું પાછળ ધકેલી દેવાયું છે. એક સમયે દૂર દૂરથી લોકો હલ્દિયામાં કામ શોધવા આવતા હતા અને આજે અવી સ્થિતિ ઉભી થઈ છે કે, હલ્દિયાના લોકોએ રોજગારી મેળવવા માટે બીજા રાજ્યમાં ભાગવું પડી રહ્યું છે.' પીએમ મોદીએ જનસભા સંબોધતી વખતે કટાક્ષ કરીને કહ્યું કે, ટીએમસીના રાજમાં રોજગારી આપતી ફેક્ટ્રીઓ બંધ થઈ ઘઈ છે, જ્યારે ઘૂસણખોરોની ફેક્ટ્રીઓ ખૂબ આગળ વધી રહી છે. તેમણે લોકોને યાદ અપાવ્યું કે, સદીઓ પહેલા હલ્દિયા સમૃદ્ધ અને સુખી શહેર હતું, પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં ત્યાંની ફેક્ટ્રીઓમાં તાળા લટકતા જોવા મળી રહ્યા છે. ત્યારબાદ વડાપ્રધાને લોકોને છ ગેરેન્ટી સમજાવી વચન આપતા કહ્યું કે, જો રાજ્યમાં ભાજપ સરકાર આવશે તો ૬ ગેરેન્ટ્રી પુરી કરવામાં આવશે.

વડાપ્રધાન મોદીની છ ગેરેન્ટ્રી

૧.ગુંડાગીરી ખતમ, કાયદાનું રાજ : ટીએમસીએ બંગાળમાં ભય અને આતંક ફેલાવીને રાખ્યો છે, તેને ભાજપ ખતમ કરશે અને રાજ્યમાં કાયદા પર વિશ્વાસ સ્થાપીત કરશે.

૨. સરકારી સિસ્ટમની જવાબદારી : રાજ્યમાં એવી સરકારી સિસ્ટમ ઉભી કરાશે, જે પ્રજાની સેવા કરવા માટે જવાબદાર રહેશે અને પ્રજાના કામ કોઈપણ અડચણ વગર પુરા થશે.

૩. તમામ ફાઈલો ખોલાશે : ટીએમસીના રાજમાં થયેલા કૌભાંડ, ભ્રષ્ટાચાર અને મહિલાઓ સાથે થયેલ અન્યાય (રેપ કેસ)ની જૂની ફાઈલો ફરી ખોલવામાં આવશે.

૪. ભ્રષ્ટાચારીને જેલમાં ધકેલાશે : પ્રજાના પૈસા લૂંટનારાઓને કોઈપણ કિંમતો છોડાશે નહીં. મોદી ભ્રષ્ટાચાર સાખી નહીં લે અને એક-એક ભ્રષ્ટાચારીને જેલમાં ધકેલવામાં આવશે.

૫. ઘૂસણખોરોની વિદાય : ભારતની જમીન પર ગેરકાયદે ઘૂસણખોરી કરવાની ક્યારે મંજૂરી અપાશે નહીં, આવા લોકો સામે કડક કાર્યવાહી કરાશે.

૬. સરકારી કર્મચારીઓને ભેટ : મોદી અને ભાજપ તમામ સરકારી કર્મચારીઓ પાસે ઉભા છે. બંગાળમાં ભાજપની સત્તા આવતાં જ સાતમો પગાર પંચ લાગુ કરાશે.

### LNG સપ્લાય અંગે થશે વાતચીત

# મિડલ ઈસ્ટમાં સીઝફાયર બાદ હવે કતાર જશે પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ

### હરદીપ સિંહની આ મુલાકાત બંને દેશો માટે અને ભારતના ગેસ ઉદ્યોગ માટે મહત્ત્વની માનવામાં આવી રહી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મધ્ય-પૂર્વમાં ચાલી રહેલા સંકટ વચ્ચે કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરી આજથી કતારની બે દિવસની સત્તાવાર યાત્રા કરવાના છે. તાજેતરમાં જ ઈરાને ભયાનક હુમલા કરીને કતારના ગેસ ઉત્પાદનને ભારે નુકસાન પહોંચાડ્યું છે, ત્યારે હરદીપ સિંહ પુરીની આ મુલાકાત બંને દેશો માટે અને ભારતના ગેસ ઉદ્યોગ માટે ખૂબ જ મહત્ત્વની માનવામાં આવી રહી છે. ભારત કતાર પાસેથી મોટાપાયે લિક્વિડ નેચરલ ગેસ (LNG) કરીદે છે, તેથી પેટ્રોલિયમ મંત્રી ત્યાં LNGની સપ્લાયને લઈ મહત્ત્વની વાતચીત કરશે.

રિપોર્ટ મુજબ, ભારત પોતાની જરૂરીયાતમાંથી લગભગ ૪૦ ટકા એલએનજી કતારથી આયાત કરે છે. તાજેતરના યુદ્ધમાં ઈરાને કતારના મોટા ગેસ પ્લાન્ટ પર મિસાઈલ હુમલા કર્યા હતા, જેના કારણે ૧૭ ટકા નિકાસ કરવાની ક્ષમતાને અસર થઈ છે. કતરએનર્જીના રિપોર્ટ મુજબ નુકસાનગ્રસ્ત પ્લાન્ટને રિપેરિંગ કરવામાં ત્રણથી પાંચ વર્ષનો સમય લાગી શકે છે. આવી સ્થિતિમાં ભારત તરફ આવતો ગેસ સપ્લાય ન અટકે તે સુનિશ્ચિત કરવું ખૂબ જરૂરી છે. તેથી આ મુદ્દે ચર્ચા કરવા માટે હરદીપ સિંહ પુરી કતારના અધિકારીઓ સાથે મુલાકાત કરશે.

ભારતમાં ગેસ સપ્લાયનો સંકટ સર્જાવાન અફવાઓ વચ્ચે પેટ્રોલિય મંત્રાલયે મહત્ત્વની માહિતી આપી છે. મંત્રાલયે સ્પષ્ટ કહ્યું છે કે, દેશમાં રાબેતા મુજબ LPG સિલિન્ડરની સપ્લાય કરવામાં આવી રહી છે. સાત એપ્રિલે એક જ દિવસમાં ૫૩.૫ લાખથી વધુ એલપીજી સિલિન્ડરની સપ્લાય કરવામાં આવી છે. ગેસનું ઓનલાઈન બુકિંગ ૯૫ ટકા પર પહોંચી ગયું છે, જેનાથી ઉત્પાદનથી લઈને ગ્રાહક સુધીની સપ્લાય ચેનમાં કોઈ સમસ્યા ન હોવાની સ્પષ્ટ થઈ ગયું છે. સિલિન્ડરની કાળાબજારી અટકાવવા માટે 'ડિલિવરી ઓથેન્ટિકેશન કોડ (DAC)'નો ઉપયોગ ૯૧ ટકા વધી ગયો છે.

કેન્દ્ર સરકાર હવે દેશને માત્ર એક દેશ પર નિર્ભર રાખવા માંગતી નથી. સંકટ સમયે કોઈપણ અડચણ વગર પેટ્રોલ-ગેસ સપ્લાય ચાલુ રહે તે માટે ભારતે અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને રશિયા જેવા નવા દેશો સાથે હાથ મિલાવ્યા છે. આ ઉપરાંત દેશમાં PNG કનેક્શનનો વિસ્તાર ઝડપથી વધારવામાં આવી રહ્યો છે. માર્ચ-૨૦૨૬ સુધીમાં લગભગ ૩.૮૭ લાખ ગ્રાહકોએ LPG છોડીને PNG કનેક્શન અપનાવ્યા છે. જ્યારે ૪.૨૧ લાખ ગ્રાહકોએ PNG કનેક્શન માટે રજીસ્ટ્રેશન કરાવ્યું છે.

માર્ચમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કતારના અમીર શેખ તમીમ બિન અમદ અલ થાની સાથે ફોન પર વાતચીત કરી હતી. પીએમ મોદીએ ઊર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર થયેલા હુમલાની કડક શબ્દોમાં ટીકા કરી હતી. આ ઉપરાંત બંને દેશોના નેતાઓ વચ્ચે હોર્મુઝ જળમાર્ગેથી જહાજો સુરક્ષિત આવન-જાવન થાય, તે અંગે પણ વાતચીત થઈ હતી. ભારતે વર્ષ ૨૦૩૦ સુધીમાં કુલ ઊર્જા વપરાશમાં પ્રાકૃતિક ગેસનો ઉપયોગ ૧૫ ટકા વધારવાનું લક્ષ્યાંક રાખ્યું છે.

### અનુરાગ યાદવને ઓબ્ઝર્વર પદેથી હટાવાયા

# CEC જ્ઞાનેશ કુમાર અને IAS અધિકારી વચ્ચે ચાલુ બેઠકમાં માથાકૂટ થઈ

### વર્ચ્યુઅલ મીટિંગ દરમિયાન પાયાના સવાલો પૂછ્યા, ત્યારે જવાબ આપવામાં વિલંબ થતા મામલો બિચક્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પશ્ચિમ બંગાળની ચૂંટણીની તૈયારીઓને લઈને આયોજિત એક રિવ્યૂ મીટિંગમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને ઉત્તર પ્રદેશ કેડરના IAS અધિકારી અનુરાગ યાદવ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હોવાની ઘટના સામે આવી છે. અનુરાગ યાદવને બંગાળના કૂચ બિહારમાં ચૂંટણી નિરીક્ષક (ઓબ્ઝર્વર) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. વર્ચ્યુઅલ મીટિંગ દરમિયાન જ્યારે મુખ્ય ચૂંટણી કમિશનરે તેમને પોલિંગ બૂથની સંખ્યા જેવા પાયાના સવાલો પૂછ્યા, ત્યારે જવાબ આપવામાં વિલંબ થતા મામલો બિચક્યો હતો. કમિશનરે કરેલી કોઈ ટિપ્પણી સામે વાંધો ઉઠાવતા IAS અનુરાગ યાદવે કડક શબ્દોમાં કહ્યું હતું કે, તમે અમારી સાથે આ રીતે વાત ન કરી શકો, મેં પણ આ સેવામાં ૨૫ વર્ષ પસાર કર્યા છે.

આ ઘટના બાદ બેઠકમાં થોડીવાર માટે સોપો પડી ગયો હતો અને બાદમાં અન્ય વિષયો પર ચર્ચા કરીને મીટિંગ પૂર્ણ કરવામાં આવી હતી. આ વિવાદ બાદ હવે મોટા સમાચાર એ સામે આવ્યા છે કે અનુરાગ યાદવને ઓબ્ઝર્વરના પદ પરથી હટાવી દેવામાં આવ્યા છે. જોકે, ચૂંટણી પંચના સત્તાવાર સૂત્રોનું કહેવું છે કે તેમને કોઈ બહેસના કારણે નહીં, પરંતુ કામગીરીમાં અક્ષમ રહેવા બદલ હટાવવામાં આવ્યા છે. પંચના અધિકારીના જણાવ્યા અનુસાર, લાંબો સમય ક્ષેત્રમાં વિતાવ્યા બાદ પણ જો કોઈ વરિષ્ઠ અધિકારી પાયાની વિગતો ન આપી શકે તો તે ગંભીર બાબત ગણાય. અનુરાગ યાદવ હાલમાં ઉત્તર પ્રદેશ સરકારમાં સામાજિક કલ્યાણ અને સૈનિક કલ્યાણ વિભાગમાં પ્રધાન સચિવ તરીકે કાર્યરત છે. અગાઉ તેઓ આઈટી વિભાગમાં પણ ફરજ બજાવી ચૂક્યા છે. ચૂંટણી પ્રક્રિયામાં ઓબ્ઝર્વરની ભૂમિકા અત્યંત મહત્ત્વની હોય છે, કારણ કે તેઓ પંચની આંખ અને કાન સમાન માનવામાં આવે છે. આવા જવાબદાર પદ પર હોવા છતાં માહિતી આપવામાં વિલંબ અને ત્યારબાદ સર્જાયેલા વિવાદને કારણે પંચે આ કડક પગલું ભર્યું હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

## ટ્રમ્પ પર લગામની તૈયારી! : ઈરાન પર હુમલા પહેલા લેવી પડશે મંજૂરી, US સંસદમાં આવશે પ્રસ્તાવ

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકા અને ઈરાન વચ્ચેના વધતા તણાવની વચ્ચે હવે અમેરિકાના પોતાના રાજકારણમાં ગરમાવો આવ્યો છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પોતાની મરજીથી યુદ્ધ કે સૈન્ય હુમલા ન કરી શકે તે માટે ત્યાંના સાંસદો તેમની સત્તા પર અંકુશ લગાવવાની તૈયારી કરી રહ્યા છે. આવતા અઠવાડિયે સંસદમાં એક ખાસ પ્રસ્તાવ લાવવામાં આવશે, જે મુજબ ઈરાન પર કોઈપણ હુમલો કરતા પહેલા પ્રમુખે સંસદની મંજૂરી લેવી ફરજિયાત બનશે. વિરોધ પક્ષના નેતા ચક શૂમરનું કહેવું છે કે, દેશ અત્યારે એક ખતરનાક વળાંક પર છે, તેથી યુદ્ધ જેવા મોટા નિર્ણયો લેવાની સત્તા માત્ર એક વ્યક્તિ પાસે હોવાને બદલે સંસદ પાસે હોવી જોઈએ. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના આક્રમક વલણને કારણે આ વિવાદ વધુ વકર્યો છે. ટ્રમ્પે ઈરાનને ખુલ્લી ધમકી આપી હતી કે જો તેઓ સમુદ્રી માર્ગ નહીં ખોલે, તો અમેરિકા ઈરાનનો સંપૂર્ણ વિનાશ કરી દેશે.

### અજિત દાદાના સન્માનમાં કોંગ્રેસે ઉમેદવારી પાછી ખેંચી

# બારામતીમાં સુનેત્રા પવારની બિનહરીફ જીત નિશ્ચિત!

(સંપૂર્ણ સમાચાર સેવા)બારામતી

મહારાષ્ટ્રના રાજકારણમાંથી એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. બારામતી વિધાનસભા બેઠક પર યોજાનારી પેટાચૂંટણીમાં કોંગ્રેસે ઉમેદવારી પાછી ખેંચવાનો નિર્ણય લીધો છે. મહારાષ્ટ્ર કોંગ્રેસના પ્રભારી રમેશ ચેન્નિથલાએ ગુરુવારે જાહેરાત કરી હતી કે, પૂર્વ નાયબ મુખ્યમંત્રી અજીત પવારના આકસ્મિક નિધન પ્રત્યે સન્માન વ્યક્ત કરતા પાર્ટી આ પેટાચૂંટણી નહીં લડે. આ નિર્ણય પાછળ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (SP)ના સુપ્રીમો શરદ પવાર, સુપ્રિયા સુલે અને રોહિત પવારની મહત્વની ભૂમિકા રહી છે. આ નેતાઓએ કોંગ્રેસને વિનંતી કરી હતી કે, અજીત પવારના નિધનથી ખાલી પડેલી આ બેઠક પર તેમની પત્ની અને વર્તમાન નાયબ મુખ્યમંત્રી સુનેત્રા પવાર સામે કોઈ ઉમેદવાર ન ઉતારી ચૂંટણી બિનહરીફ કરાવવી જોઈએ. શરદ પવારે કહ્યું હતું કે, મહારાષ્ટ્રે એક કુશળ નેતા ગુમાવ્યા છે ત્યારે આ શ્રદ્ધાંજલિ રૂપે ઉચિત રહેશે. ચૂંટણીના માહોલ વચ્ચે ભાજપના નેતા ચંદ્રશેખર બાવનકુલેએ કોંગ્રેસને ચેતવણી આપતા જણાવ્યું હતું કે, જો કોંગ્રેસ સુનેત્રા પવારને બિનહરીફ જીતવા નહીં દે તો તેનું પતન બારામતીથી જ શરૂ થશે. બીજી તરફ, કોંગ્રેસે અગાઉ એવી શરત મૂકી હતી કે, વિમાન દુર્ઘટનામાં અજીત પવારના મોત મામલે FIR નોંધાય તો જ તેઓ પીછેહઠ કરશે.

નોંધનીય છે કે, કોંગ્રેસના આકાશ મોરેએ ઉમેદવારી નોંધાવી હતી, પરંતુ હાઈકમાન્ડની સૂચના બાદ તેઓ આજે ફોર્મ પરત ખેંચશે.

૯ એપ્રિલ ઉમેદવારી પત્રો ખેંચવાનો છેલ્લો દિવસ હોવાથી હવે સુનેત્રા પવાર માટે બારામતીનો માર્ગ લગભગ સ્પષ્ટ થઈ ગયો છે. આ નિર્ણય મહારાષ્ટ્રમાં બદલાતા રાજકીય સમીકરણો અને સહાનુભૂતિના વમળ તરફ નિર્દેશ કરે છે.

# કાલે કોઈ કહેશે કે મંદિરમાં નોનવેજ લઈ જવું છે, તો શું કરશો? : સબરીમાલા કેસમાં સુપ્રીમ કોર્ટમાં કેન્દ્રની દલીલ

### આ દરમિયાન કેન્દ્ર સરકાર વતી રજૂઆત કરતા એડિશનલ સોલિસિટર જનરલ નટરાજે પરંપરાઓનું સમર્થન કર્યું હતું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સબરીમાલા મંદિરમાં રજસ્વલા મહિલાઓના પ્રવેશ પર ચાલી રહેલા પ્રતિબંધના વિવાદ અંગે સુપ્રીમ કોર્ટમાં મહત્ત્વની સુનાવણી થઈ હતી. આ દરમિયાન કેન્દ્ર સરકાર વતી રજૂઆત કરતા એડિશનલ સોલિસિટર જનરલ નટરાજે પરંપરાઓનું સમર્થન કર્યું હતું. તેમણે દલીલ કરી હતી કે દરેક મંદિર અને ધાર્મિક સંપ્રદાયની પોતાની આગવી માન્યતાઓ હોય છે, જેને માત્ર કાયદાકીય માપદંડો કે સ્ત્રી-પુરુષના સમાન અધિકારોના દ્રષ્ટિકોણથી ન જોવી જોઈએ.

એડિશનલ સોલિસિટર જનરલ નટરાજે આ બાબતને વધુ સ્પષ્ટ કરવા માટે એક ઉદાહરણ આપતા કહ્યું કે, જેવી રીતે શાકાહારી મંદિરોમાં નોનવેજ લઈ જવાની મનાઈ હોય છે, તેવી જ રીતે સબરીમાલાની પરંપરાઓ પણ ભક્તોની અતૂટ શ્રદ્ધા સાથે જોડાયેલી છે. વ્યક્તિને બંધારણીય રીતે ગમે તે ખોરાક લેવાની છૂટ હોઈ શકે, પરંતુ તેનો અર્થ એ નથી કે તે પોતાની જીદથી મંદિરની વર્ષો જૂની પરંપરા અને અન્ય લોકોની આસ્થાને ઠેસ પહોંચાડે. આમ, તેમણે ધાર્મિક પરંપરાઓને બંધારણીય અધિકારો કરતા અલગ રાખીને જોવાની અપીલ કરી હતી. ASG નટરાજે દક્ષિણ ભારતના મંદિરોમાં દારૂને પ્રસાદ તરીકે ધરાવવાની પરંપરાનો ઉલ્લેખ કરીને દલીલ કરી હતી કે, કોઈપણ બહારની અદાલત એ નક્કી ન કરી શકે કે કયા સંપ્રદાયે કઈ પરંપરા પાળવી જોઈએ. ભલે કોઈ પરંપરા કોઈને સાચી લાગે કે ખોટી, પરંતુ તે ચોક્કસ સંપ્રદાયનો આંતરિક વિષય છે. જોકે, આ દલીલ સામે જસ્ટિસ જોયમાલ્યા બાગચીએ અવલોકન કર્યું હતું કે, જ્યારે બે જૂથો વચ્ચે માન્યતાઓને લઈને વિવાદ કે ટકરાવની સ્થિતિ ઊભી થાય છે, ત્યારે અદાલતની ભૂમિકા અનિવાર્ય બની જાય છે. જો કોઈ વ્યક્તિ પૂજા કરવાની પદ્ધતિને પડકારે, તો કોર્ટે પુરાવાઓના આધારે દરમિયાનગીરી કરવી પડે છે. આ સુનાવણીમાં સોલિસિટર જનરલ તુષાર મહેતાએ પણ મહત્ત્વની દલીલ કરી હતી. તેમણે કહ્યું કે દેશમાં એવા પણ અનેક મંદિરો છે જ્યાં પુરુષોનો પ્રવેશ વર્જિત છે. આવી પરંપરાઓને પુરુષોના અપમાન તરીકે જોવાને બદલે તેને ધાર્મિક માન્યતા અને પરંપરાના ભાગ રૂપે જોવી જોઈએ. આમ, સબરીમાલા કેસમાં પરંપરા અને બંધારણીય અધિકારો વચ્ચેના સંઘર્ષને લઈને કોર્ટમાં ઉગ્ર દલીલો ચાલી રહી છે.




# તંત્રી લેખ......

## પશ્ચિમ એશિયા - ઉકેલ વિના શાંતિ

અમેરિકા અને ઈરાન વચ્ચે જાહેર કરાયેલ નાજુક યુદ્ધવિરામ સંઘર્ષનો અંત નથી, પરંતુ પશ્ચિમ એશિયાના રાજકારણમાં બીજા જટિલ અને અનિશ્ચિત તબક્કાની શરૂઆત છે. પ્રગટ થતી ઘટનાઓ સ્પષ્ટ લશ્કરી વિજયનું પરિણામ નથી, પરંતુ રાજકીય દબાણ, વ્યૂહાત્મક ભૂલો અને બદલાતા વૈશ્વિક સમીકરણોનું સંયોજન છે.

યુદ્ધવિરામથી ઉર્જા પુરવઠા અને વૈશ્વિક અર્થતંત્રને તાત્કાલિક રાહત મળી હશે, પરંતુ તેના ઊંડા પરિણામો એવી પરિસ્થિતિ તરફ નિર્દેશ કરે છે જ્યાં ભારે લશ્કરી દબાણ છતાં ઈરાન પ્રમાણમાં મજબૂત બન્યો. આ સંઘર્ષના મૂળ ઈરાનના પરમાણુ કાર્યક્રમ અને તેના પ્રાદેશિક પ્રભાવ અંગે લાંબા સમયથી ચાલી આવતી ચિંતાઓમાં રહેલા છે. ઈઝરાયલ તેને તેના અસ્તિત્વ માટે ખતરો માનતો હતો અને ઈરાનની પરમાણુ ક્ષમતાઓને નબળી પાડવાના હેતુથી લશ્કરી કાર્યવાહીને વાજબી ઠેરવતો હતો. અમેરિકા સતત આ વ્યૂહરચનાનું સમર્થન કરતું રહ્યું છે, ખાસ કરીને ટ્રમ્પ યુગ દરમિયાન વધુ મજબૂત રીતે. વ્યાપક ધ્યેય ઈરાનની ઈસ્લામિક વ્યવસ્થાને નબળી પાડવાનો અથવા તો તેને બદલવાનો હતો.

એવું માનવામાં આવતું હતું કે બાહ્ય લશ્કરી દબાણ ઈરાનમાં અસંતોષ ઉભો કરશે અને જનતા સરકાર સામે ઉભા થશે. આ ધારણાથી વિપરીત, હુમલાઓએ ઈરાની સમાજમાં એક પ્રકારની એકતા બનાવી, અને લોકો સરકારની પાછળ ઉભા થયા. અપેક્ષાઓ પૂર્ણ કરવામાં યુદ્ધની નિષ્ફળતાએ અમેરિકાને તેની વ્યૂહરચના પર પુનર્વિચાર કરવાની ફરજ પાડી. ઈરાનની પરમાણુ ક્ષમતાઓનો નાશ થયો ન હતો, તેની રાજકીય વ્યવસ્થા અકબંધ રહી હતી, અને તેની લશ્કરી શક્તિ નિર્ણાયક રીતે નબળી પડી ન હતી. જેમ જેમ સંઘર્ષ આગળ વધતો ગયો તેમ તેમ યુનાઈટેડ સ્ટેટ્સનો ખર્ચ વધતો ગયો, માત્ર આર્થિક રીતે જ નહીં પણ રાજકીય રીતે પણ. યુનાઈટેડ સ્ટેટ્સમાં આગામી મધ્યસત્ર ચૂંટણીઓએ પરિસ્થિતિને વધુ વણસી.

ટ્રમ્પ વહીવટીતંત્ર માટે એવા યુદ્ધમાંથી બહાર નીકળવું અનિવાર્ય બની ગયું જે સ્થાનિક સ્તરે લોકપ્રિય ન હતું. ટ્રમ્પના સમર્થકોમાં પણ, સંઘર્ષ અંગે ચિંતા વધી રહી હતી. વધુમાં, ઈરાની નાગરિક માળખા પર હુમલો કરવાની ધમકીઓએ યુદ્ધ ગુનાઓ વિશે આંતરરાષ્ટ્રીય ચર્ચા શરૂ કરી, જેનાથી અમેરિકાની નૈતિક સ્થિતિ નબળી પડી. વર્તમાન વાતાવરણમાં, યુદ્ધવિરામ રાજદ્વારી સફળતા કરતાં વ્યૂહાત્મક જરૂરિયાત જેવું લાગે છે. આ પ્રક્રિયામાં પાકિસ્તાન અને ચીનની ઉભરતી ભૂમિકાઓ વૈશ્વિક રાજકારણમાં શક્તિ સંતુલનમાં પરિવર્તનને પણ પ્રતિબિંબિત કરે છે. મધ્યસ્થી તરીકે પાકિસ્તાનનો ઉદભવ નોંધપાત્ર છે. દરમિયાન, ચીનની ભૂમિકા માત્ર એક આર્થિક શક્તિ જ નહીં પરંતુ રાજદ્વારી બળ તરીકે પણ તેની સતત હાજરી દર્શાવે છે.

હોર્મુઝની સામુદ્રધુની આ વિકાસના એક મહત્વપૂર્ણ પાસાં તરીકે ઉભરી આવી. વિશ્વના લગભગ ૨૦ ટકા ઉર્જા સંસાધનો આ માર્ગ દ્વારા પરિવહન થાય છે. જો યુદ્ધવિરામ પછી પણ ઈરાન આ માર્ગ પર અસરકારક નિયંત્રણ જાળવી રાખે છે, તો તે શક્તિના વૈશ્વિક સંતુલનમાં મોટો ફેરફાર થશે. જો આ નિયંત્રણ ઔપચારિક રીતે જાહેર ન કરવામાં આવે તો પણ, જો જહાજોની અવરજવર ઈરાની દેખરેખ અથવા પરિસ્થિતિઓ હેઠળ થાય છે, તો તે ઈરાનની વ્યૂહાત્મક સ્થિતિને મજબૂત બનાવશે. શક્ય છે કે ઈરાન હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા જહાજો પર ટેરિફ લાદી શકે. આની સીધી અસર વૈશ્વિક તેલ બજાર પર પડશે. આનાથી તેલના ભાવમાં વધારો, પરિવહન ખર્ચમાં વધારો અને વીમા પ્રીમિયમમાં વધારો થઈ શકે છે, જે વૈશ્વિક અર્થતંત્ર પર અસર કરશે. આનાથી ભારત જેવા દેશ પર ગંભીર અસરો પડશે, જે તેની મોટાભાગની તેલ અને ગેસ જરૂરિયાતો આયાત કરે છે. ભારતે ખૂબ જ સંતુલિત રાજદ્વારી વ્યૂહરચના જાળવવી પડશે, કારણ કે તેના ઈરાન, ઈઝરાયલ અને યુનાઈટેડ સ્ટેટ્સ સાથેના સંબંધો મહત્વપૂર્ણ છે. યુદ્ધવિરામથી ભારતમાં રાજકીય ચર્ચા પણ શરૂ થઈ છે. કેટલાક વિપક્ષી નેતાઓ કહે છે કે આ સમગ્ર ઘટનામાં પાકિસ્તાને રાજદ્વારી લાભ મેળવ્યો છે. જ્યારે આ દલીલ અંશતઃ રાજકીય છે, એવા યુગમાં જ્યાં મધ્યમ શક્તિઓ પણ પ્રાદેશિક રાજકારણને પ્રભાવિત કરી રહી છે, ત્યારે ભારત માટે તેની રાજદ્વારી હાજરી મજબૂત કરવી જરૂરી છે. આ યુદ્ધવિરામ આપણને શીખવે છે કે જટિલ ભૂરાજકીય સમસ્યાઓ ફક્ત લશ્કરી બળ દ્વારા ઉકેલી શકાતી નથી.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોના-ચાંદીના વાયદામાં સામસામા રાહઃ સોનાનો વાયદો રૂ.૭૧૨ વધ્યો, ચાંદીનો વાયદો રૂ.૧૪૩૫ ઘટ્યો

**ક્રૂડ તેલના વાયદામાં રૂ.૩૩૯નો ઉછાળોઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૧૨૮૬.૬૪ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૧૧૯૯૫.૪૩ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૪૦૮૭.૮૧ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૬૧૬૬ પોઈન્ટના સ્તરે**

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૩૩૨૮૨.૫૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૧૨૮૬.૬૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૧૧૯૯૫.૪૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ એપ્રિલ વાયદો ૩૬૧૬૬ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૯૭૫.૯૭ કરોડનું થયું હતું.


કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૪૦૮૭.૮૧ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૦૬૪૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૨૫૭૮ અને નીચામાં રૂ.૧૫૦૬૪૭ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૧૭૭૬ના આગલા બંધ સામે રૂ.૭૧૨ વધી રૂ.૧૫૨૪૮૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની એપ્રિલ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૩૬૮ વધી રૂ.૧૨૧૮૭ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ એપ્રિલ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૪૪ વધી રૂ.૧૫૨૬૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૬૯૧ વધી રૂ.૧૫૧૧૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૯૨૮૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૨૭૫૮ અને નીચામાં રૂ.૧૪૯૨૮૫ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૦૭૫૮ના આગલા બંધ સામે રૂ.૭૩૮ વધી રૂ.૧૫૧૪૯૬ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.૨૩૫૯૫૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૩૮૪૯૦ અને નીચામાં રૂ.૨૩૫૧૩૩ના મથાળે અથડાઈ, રૂ.૨૩૯૯૧૮ના આગલા બંધ સામે રૂ.૧૪૩૫ ઘટી રૂ.૨૩૮૪૮૩ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.૧૬૦૬ ઘટી રૂ.૨૪૦૯૯૮ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.૧૫૫૫ ઘટી રૂ.૨૪૦૯૯૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૧૩૪૯.૫૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું એપ્રિલ વાયદો રૂ.૩.૭ ઘટી રૂ.૧૧૮૪.૦૫ના ભાવે બોલાયો હતો. જસત એપ્રિલ વાયદો ૪૦ પૈસા ઘટી રૂ.૩૨૮.૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ એપ્રિલ વાયદો ૨૫ પૈસા ઘટી રૂ.૩૫૪.૬ના સ્તરે પહોંચ્યો હતો. સીસું એપ્રિલ વાયદો રૂ.૧.૬ ઘટી રૂ.૧૯૪.૧૫ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૫૫૯૫.૯૭ કરોડનાં કામકાજ થયાં હતાં.

એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી એપ્રિલ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૯૨૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૧૦૦ અને નીચામાં રૂ.૪૯૨૧ના મથાળે અથડાઈ, રૂ.૮૯ વધી રૂ.૪૯૯૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ એપ્રિલ વાયદો બેરલદીઠ રૂ.૯૦૩૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૨૯૨ અને નીચામાં રૂ.૯૦૨૧ના મથાળે અથડાઈ, રૂ.૮૯૬૧ના આગલા બંધ સામે રૂ.૩૩૯ વધી રૂ.૯૨૦૦ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની એપ્રિલ વાયદો રૂ.૩૩૯ વધી રૂ.૯૧૯૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ એપ્રિલ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧.૭ વધી રૂ.૨૫૬ થયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ વાયદો રૂ.૧.૪ વધી રૂ.૨૫૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.




કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.૧૦૨૦ના ભાવે ખૂલી, રૂ.૨.૪ વધી રૂ.૧૦૦૧ થયો હતો. કોટન એપ્રિલ વાયદો રૂ.૭૦ વધી રૂ.૨૮૪૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.૨૬૫૨ના ભાવે ખૂલી, રૂ.૧૧ ઘટી રૂ.૨૬૫૦ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૯૩૬૭.૬૪ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૪૭૨૦.૧૭ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાના વાયદાઓમાં રૂ. ૮૯૧.૨૪ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૦૯.૦૧ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૨૪.૩૭ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૨૨૦.૨૭ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૩૭.૭૮ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૪૪૦૪.૪૭ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૧૫૩.૪૧ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૫.૬૬ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ. ૦.૭૧ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૨૭ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૮૫૪૮ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૫૦૬૧૦ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૫૩૯૮ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૭૬૬૨૪ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૫૫૪૪૦ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૭૦૫૯ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૨૦૪૪૬ લોટ અને ચાંદી-માઈક્રોના વાયદાઓમાં ૮૦૩૯૯ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૪૪૪ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૬૦૬૯ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૪૫૯૪૫ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ એપ્રિલ વાયદો ૩૬૧૯૯ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૬૧૯૯ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૬૧૬૬ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૩૯૮ પોઈન્ટ ઘટી ૩૬૧૬૬ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૮૦.૫ વધી રૂ.૩૦૨.૪ થયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયુદીઠ ૧૫ પૈસા વધી રૂ.૯.૪ થયો હતો.

સોનું એપ્રિલ રૂ.૧૭૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૬.૫ ઘટી રૂ.૩૯૪ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી એપ્રિલ રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૯ ઘટી રૂ.૫૬૩ના ભાવે બોલાયો હતો. તાંબું એપ્રિલ રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૫૧ ઘટી રૂ.૧૭.૧૧ના ભાવે બોલાયો હતો. જસત એપ્રિલ રૂ.૩૩૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૩૨ ઘટી રૂ.૪.૦૧ના ભાવે બોલાયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની એપ્રિલ રૂ.૧૧૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૬.૮૫ વધી રૂ.૧૪૭.૦૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયુદીઠ ૩૦ પૈસા વધી રૂ.૯.૮૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની એપ્રિલ રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧.૫ ઘટી રૂ.૧૧૬૨ થયો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૬૬ ઘટી રૂ.૫૪૦ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૬૯.૪ ઘટી રૂ.૭૯.૬ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૨૫૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયુદીઠ રૂ.૧.૭ ઘટી રૂ.૧૦.૨૫ થયો હતો.

સોનું એપ્રિલ રૂ.૧૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૪ ઘટી રૂ.૧૦૭૦ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી એપ્રિલ રૂ.૧૮૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૬ ઘટી રૂ.૫૨૮.૫ થયો હતો. તાંબું એપ્રિલ રૂ.૧૧૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૪ પૈસા વધી રૂ.૪.૭૧ થયો હતો. જસત એપ્રિલ રૂ.૩૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૦૧ વધી રૂ.૨.૮ થયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની એપ્રિલ રૂ.૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૭૯.૩૫ ઘટી રૂ.૪૫૨.૮ થયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ રૂ.૨૫૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયુદીઠ રૂ.૧.૫ ઘટી રૂ.૧૦.૬ના ભાવે બોલાયો હતો. સોનું-મિની એપ્રિલ રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૧૫.૫ ઘટી રૂ.૩૭૪૨ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૪૪ ઘટી રૂ.૧૨૧૦.૫ના ભાવે બોલાયો હતો.

# ગુસ્સામાં ટોળાએ હત્યારાને રહેંસી નાખ્યોઃ પાર્કિંગ વિવાદમાં ડ્રાઈવરનું માથું ધડથી અલગ કરી નાખ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)પટણા

બિહારના અરરિયા જિલ્લાના ફારબિસગંજ વિસ્તારની સબ્જી મંડીમાં આજે સવારે પાર્કિંગ જેવી સામાન્ય બાબતે થયેલી તકરારમાં બે લોકોના મોત થયા છે. આ હિંસક ઘટનામાં પહેલા એક સત્તુ વેચનારા શખ્સે પિકઅપ ડ્રાઈવરની હત્યા કરી અને ત્યારબાદ ઉશ્કેરાયેલા ટોળાએ હત્યારાને પણ ઘટનાસ્થળે જ મોતને ઘાટ ઉતારી દીધો હતો. મળતી માહિતી મુજબ, પિકઅપ ડ્રાઈવર નબી હુસેન સબ્જી મંડીમાં માલ લેવા માટે આવ્યો હતો. ગાડી ઉભી રાખવા બાબતે તેનો વિવાદ ત્યાં સત્તુ વેચતા રાહુલ ચૌહાણ સાથે થયો હતો. વિવાદ એટલો વકર્યો કે રાહુલ ચૌહાણે તીક્ષ્ણ હથિયાર વડે નબી હુસેનનું ગળું કાપી નાખ્યું હતું. હુમલો એટલો ભયાનક હતો કે ડ્રાઈવરનું માથું ધડથી અલગ થઈ ગયું હતું. મૃતક નબી હુસેન નજીકના ગામનો રહેવાસી હતો અને તેને ત્રણ સંતાનો છે. આ ખૌફનાક મંજર જોઈને મંડીમાં હાજર લોકોનો ગુસ્સો ફાટી નીકળ્યો હતો. જ્યારે પોલીસ આરોપી રાહુલ ચૌહાણને ધરપકડ કરીને લઈ જઈ રહી હતી, ત્યારે સેંકડો લોકોના ટોળાએ તેને પોલીસ કસ્ટડીમાંથી બહાર ખેંચી લીધો હતો. પોલીસની નજર સામે જ ભીડે રાહુલને બેરહેમીથી ફટકારીને તેને ધ સ્પોટ મોતને ઘાટ ઉતારી દીધો હતો. ભીડ એટલી મોટી હતી કે પોલીસ લાચાર બની ગઈ હતી.

મૃતક ડ્રાઈવરના ભાઈએ જણાવ્યું કે, તેના ભાઈની કોઈની સાથે દુશ્મની નહોતી, તે માત્ર રોજીરોટી માટે મંડીમાં આવતો હતો. આ ડબલ મર્ડરની ઘટના બાદ ફારબિસગંજ વિસ્તારમાં ભયનો માહોલ છે અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. હાલમાં પોલીસે બંને શબને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી આગળની તપાસ હાથ ધરી છે.

### ઈઝરાયલના દાવાથી તણાવ વધવાના એંધાણ

# અમે મારી નાખ્યો હિઝબુલ્લાહ ચીફ નઈમ કાસિમનો ભત્રીજોઃ ઈરાન-અમેરિકા યુદ્ધવિરામ વચ્ચે ઈઝરાયલનો દાવો

(સંપૂર્ણ સમાચાર સેવા)તેહરાન

અમેરિકા અને ઈરાન વચ્ચે ૧૪ દિવસના યુદ્ધવિરામ (સીઝફાયર) પર સહમતી બની હોવા છતાં મિડલ ઈસ્ટમાં તણાવ યથાવત છે. આ દરમિયાન ઈઝરાયેલે હિઝબુલ્લાહ ચીફ નઈમ કાસિમના ભત્રીજા અલી યુસુફ હારશીને મારી નાખવાનો મોટો દાવો કર્યો છે. જોકે, હિઝબુલ્લાહ દ્વારા હજુ સુધી આ અંગે કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી. ઈઝરાયેલી સેનાએ જણાવ્યું કે, "IDF એ બૈરૂત વિસ્તારમાં હુમલો કર્યો અને હિઝબુલ્લાહ ચીફ નઈમ કાસિમના પર્સનલ સેક્રેટરી અને ભત્રીજા અલી યુસુફ હારશીને ઠાર માર્યો છે." રોયટર્સના અહેવાલ મુજબ, ઈઝરાયેલે ગુરુવારે (૯ એપ્રિલ) જાહેરાત કરી છે કે તેણે લેબનાનની રાજધાની બૈરૂતમાં રાત્રે કરેલા હુમલામાં ઈરાન સમર્થિત લેબનાની જૂથ હિઝબુલ્લાહના ચીફના ભત્રીજાને મારી નાખ્યો છે. જો હિઝબુલ્લાહ અલી યુસુફ હારશીના મોતના સમાચારની પુષ્ટિ કરે છે, તો આ સશસ્ત્ર જૂથ અને તેહરાન માટે મોટો ફટકો હશે, કારણ કે હિઝબુલ્લાહ મધ્ય પૂર્વમાં ઈરાનના મુખ્ય સાથીઓમાંથી એક છે. ઈરાન સાથે યુદ્ધવિરામ પર સહમતી બન્યા પછી પણ લેબનાન પર ઈઝરાયેલના હુમલા ચાલુ છે. બુધવાર (૮ એપ્રિલ) થી અત્યાર સુધીમાં ઈઝરાયેલી હુમલામાં ૨૫૪ લોકોના મોત થયા છે, જ્યારે ૧૧૬૫ થી વધુ લોકો ઘાયલ થયા છે. આ હુમલામાં લેબનાનના ઈમામનું પણ મોત થયું છે. ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુએ અગાઉ કહ્યું હતું કે યુદ્ધવિરામમાં લેબનાનનો સમાવેશ કરવામાં આવશે નહીં. ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ લેબનાન પરના હુમલા રોકવાની ચેતવણી આપી છે. તેમણે ઉમેર્યું કે જો લેબનાન પરના હુમલા બંધ નહીં થાય તો ઈરાન યુદ્ધવિરામ કરાર રદ કરી દેશે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ૪ પર પોસ્ટ કરીને કહ્યું, "ઈરાન-અમેરિકા યુદ્ધવિરામની શરતો સ્પષ્ટ છે, અમેરિકાએ કાં તો યુદ્ધવિરામ પસંદ કરવો પડશે અથવા ઈઝરાયેલ દ્વારા યુદ્ધ ચાલુ રાખવું પડશે. તે બંને પસંદ કરી શકે નહીં."

hezbollah.org મુજબ, નઈમ કાસિમનો જન્મ દક્ષિણ લેબનાનના નબાતિયેહ પ્રાંતના કફર કિલા ગામમાં થયો હતો. કાસિમ હિઝબુલ્લાહના મુખ્ય વિચારકો અને સ્થાપક સભ્યોમાંના એક છે. કાસિમે ૧૯૭૦માં લેબનાની યુનિવર્સિટીમાંથી રસાયણશાસ્ત્રમાં સ્નાતક (Graduation) કર્યું હતું, સાથે સાથે ઈસ્લામિક વિદ્વાન અયાતુલ્લા મોહમ્મદ હુસૈન ફદલલ્લાહ હેઠળ ધાર્મિક અભ્યાસ પણ કર્યો હતો. તેઓ ૧૯૭૪-૧૯૮૮ સુધી એસોસિએશન ફોર ઈસ્લામિક રિલિજિયસ એજ્યુકેશનના વડા હતા અને લેબનાની મુસ્લિમ વિદ્યાર્થીઓના સંઘના સ્થાપક સભ્ય પણ હતા.


નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com


**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ**
માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :
ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - ગુરૂવાર, ૦૯/૦૪/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૩૮૯૦ | ૪૪૦.૦૦ | ૭૧૩.૦૦ |
| ૨ | મગફળી | ૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૪૫૦.૦૦ |
| ૩ | એરંડા | ૨૩૩ | ૧,૨૫૦.૦૦ | ૧,૨૬૦.૦૦ |
| ૪ | તલ | ૫ | ૬૦૦.૦૦ | ૧,૫૦૦.૦૦ |
| ૫ | બાજરી | ૦ | ૪૦૦.૦૦ | ૪૫૦.૦૦ |
| ૬ | મકાઇ | ૩૦૦ | ૩૪૮.૦૦ | ૪૪૧.૦૦ |
| ૭ | ચણા | ૧૦૦ | ૧,૦૩૪.૦૦ | ૧,૨૩૫.૦૦ |
| ૮ | ચણા (કાબુલી ) | ૧૦૬ | ૧,૪૫૦.૦૦ | ૧,૭૧૬.૦૦ |
| ૯ | તુવર | ૨૦ | ૯૫૦.૦૦ | ૧,૦૭૩.૦૦ |
| ૧૦ | તમાકુ | ૪૭૫૨ | ૧,૩૧૦.૦૦ | ૨,૨૦૦.૦૦ |
| ૧૧ | તમાકુ (ગારીયુ) | ૧૩૭૩ | ૮૨૫.૦૦ | ૧,૨૦૦.૦૦ |
| ૧૨ | સોયાબીન | ૨૦ | ૧,૦૩૦.૦૦ | ૧,૦૬૫.૦૦ |

### ૨૦૨૯ની ચૂંટણીમાં બદલાશે દેશની તસવીર!

# મહિલાઓની ભાગીદારી વિના આ લક્ષ્ય સિદ્ધ કરી શકાય તેમ નથી

**વર્ષ ૨૦૨૯ની લોકસભા ચૂંટણીમાં મહિલાઓને સંસદ અને વિધાનસભામાં ૩૩ ટકા પ્રતિનિધિત્વ મળે તે જરૂરી**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પીએમ મોદીએ મહિલા અનામત વિધેયક(નારી શક્તિ વંદન વિધેયક) અંગે રાષ્ટ્રને સંબોધન એક મહત્ત્વનો વીડિયો સંદેશ અને લેખ શેર કર્યો છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, જો આપણે ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત ભારત બનાવવાનું લક્ષ્ય પ્રાપ્ત કરવું હોય, તો દેશની માતૃશક્તિને તેમના પૂર્ણ સામર્થ્ય સાથે રાષ્ટ્રના વિકાસમાં જોડવી અત્યંત અનિવાર્ય છે. પીએમ મોદીએ તેમના બે દાયકાથી વધુના સરકારના વડા તરીકેના અનુભવને ટાંકીને કહ્યું કે, મહિલાઓની ભાગીદારી વિના આ લક્ષ્ય સિદ્ધ કરી શકાય તેમ નથી.પીએમ મોદીએ મહિલા અનામત અંગે મહત્ત્વનો સંદેશ આપતા જણાવ્યું છે કે, વર્ષ ૨૦૨૯ની લોકસભા ચૂંટણીમાં મહિલાઓને સંસદ અને વિધાનસભામાં ૩૩ ટકા પ્રતિનિધિત્વ મળે તે અત્યંત જરૂરી છે. આ લક્ષ્યને પૂર્ણ કરવા માટે છેલ્લા કેટલાક સમયથી તમામ રાજકીય પક્ષો સાથે સકારાત્મક ચર્ચા ચાલી રહી છે, જેમાં મોટાભાગના પક્ષોએ પોતાનું સમર્થન જાહેર કર્યું છે. પીએમ મોદીએ આ વિષય પર એક વિશેષ લેખ પણ લખ્યો છે અને દેશવાસીઓને તે વાંચવા તેમજ અન્ય લોકોને પ્રેરિત કરવા વિનંતી કરી છે. આ સાથે જ પીએમ મોદીએ તમામ પક્ષોને અપીલ કરી છે કે આગામી ૧૬, ૧૭ અને ૧૮ એપ્રિલના રોજ સંસદમાં આ વિધેયકને કોઈ પણ અવરોધ વિના પસાર કરવામાં આવે, જેથી દેશની નારી શક્તિને તેમનો હક મળી શકે. તેમણે સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા સ્પષ્ટ કર્યું હતું કે કાયદાકીય સંસ્થાઓમાં મહિલાઓ માટે અનામત એ વર્તમાન સમયની મોટી માંગ છે. જો આ પ્રક્રિયામાં હવે કોઈ પણ પ્રકારનો વિલંબ થશે, તો તે લોકશાહી અને રાષ્ટ્રના વિકાસ માટે કમનસીબ ગણાશે. તેમના મતે, મહિલાઓની સક્રિય ભાગીદારીથી જ ભારતની લોકશાહી વધુ મજબૂત અને જીવંત બનશે.


નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક



RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

# પાટણ જિલ્લાની ચાણસ્મા જમીન સંપાદનની રકમ ન ચુકવતા નર્મદા કચેરીના એકિઝકયુટીવ એન્જીનિયર ની ઓફીસ સીલ કરાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

પાટણ જિલ્લાના ચાણસ્માની નર્મદા કચેરીના એકિઝકયુટીવ એન્જીનિયરની ઓફીસને સીલ મારી દેવામાં આવતા સનસનાટી મચી જવા પામી છે.





મોઢેરાથી ધારીયાલ રોડ પર ૨૦૦૧ ની સાલ માં જમીન સંપાદન કરવામાં આવી હતી. જેનુ ખેડુત અરજદાર ને તેનુ વળતર ન ચુકવતા ખેડુત દ્વારા કડી કોર્ટ માં કેસ દાખલ કરવામાં આવ્યો હતો. જે મામલે કડી કોર્ટના જજ દ્વારા ચાણસ્મા નર્મદા વિભાગની કચેરીને જપ્તી કરવાનો હુકમ કર્યો હતો. જેના ભાગરૂપે ચાણસ્મા કોર્ટના ૨ બેલીફ અને પંચોની હાજરીમાં આ ઓફીસને સીલ કરવામાં આવી હોવાનુ જાણવા મળ્યુ છે.

ચાણસ્મા નર્મદા કચેરીના એકિઝકયુટીવ એન્જીનિયરની ઓફીસને સીલ મારવામાં આવી હોવાના મામલે મળતી માહિતી મુજબ મોઢેરાના સોલંકી સોંધાજી ખેડુતની જમીનનુ ૨૦૦૧ ની સાલમાં સંપાદન કરવામાં આવ્યુ હતું. પરંતુ નર્મદા વિભાગ દ્વારા ખેડુત અરજદારને વળતર ચુકવવામાં આવ્યુ ન હતું. જેને કારણે ખેડુત અરજદાર કોર્ટના શરણે જવા મજબુર બન્યો હતો. અરજદારને વ્યાજ સાથે રૂપીયા ૪.૨૦ લાખ ચુકવવાના બાકી હતા. ત્યારે કડી કોર્ટ દ્વારા ચાણસ્માની નર્મદા વિભાગની કચેરીને જપ્તી કરવાનુ વોરન્ટ ઈસ્યુ કરવામાં આવ્યુ હતું. જેના ભાગરૂપે મંગળવારે અરજદાર, ૨ બેલીફ , એડવોકેટ અને પંચોની હાજરીમાં નર્મદા કચેરીના એકિઝકયુટીવ એન્જીનિયરની ઓફીસને સીલ મારવામાં આવી હતી. કચેરીનો તમામ સમાન એન્જીનિયરની ઓફીસમાં મુકયા બાદ કાયદેસર રીતે ઓફીસને સીલ કરવામાં આવી હોવા મામલે સનસનાટી મચી જવા પામી છે.

# આરોગ્ય કર્મચારીઓ આંદોલનના માર્ગેઃ જો માંગણીઓનો ઝડપથી ઉકેલ નહી આવે તો વધુ મોટા આંદોલન માટે મજબુર બનવુ પડશે

પ્રતિનિધિ,ગાંધીનગર



રાજયમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ નજીક આવી રહી છે. ત્યારે રાજયના આરોગ્ય કર્મચારીઓ ફરી એકવાર સક્રિય બન્યા છે. આરોગ્ય કર્મચારી સંઘ અને મહાસંઘ દ્વારા સરકારને અગાઉ કરવામાં આવેલા વાયદાઓની યાદ અપાવીને તાત્કાલીક અમલ માટે દબાણ વધારવામાં આવી રહ્યુ છે. આ તરફ સંઘના આગેવાનોનુ કહેવુ છે કે અગાઉના આંદોલન દરમિયાન સરકાર દ્વારા સ્વીકારવામાં આવેલી અનેક મહત્વપૂર્ણ માંગણીઓ આજે પણ કાગળ પર જ છે. ખાસ કરીને ઉચ્ચત્તર પગારધોરણ, ટેકનીકલ કેડરના પ્રશ્નો અને વિવિધ જગ્યાઓના અપગ્રેડેશન જેવા મુદ્દાઓ પર હજુ સુધી કોઈ સ્પષ્ટ અમલ જોવા મળ્યો નથી. આરોગ્ય કર્મચારીઓનો આક્ષેપ છે કે સરકારે તે સમયે પરીસ્થિતિ શાંત કરવા માટે આશ્વાસનો આપ્યા હતા, પરંતુ લાંબા સમય બાદ પણ તે વચનો પૂર્ણ કરવામાં આવ્યા નથી, આથી હવે કર્મચારીઓ વધુ આક્રમક વલણ અપનાવી રહ્યા છે અને સરકારને અલ્ટીમેટમ આપી રહ્યા છે કે જો માંગણીઓનો ઝડપથી ઉકેલ નહી આવે તો વધુ મોટા આંદોલન માટે મજબુર બનવુ પડશે.

સંઘ દ્વારા ખાસ કરીને ૮ મુખ્ય મુદ્દાઓ પર ભાર મુકવામાં આવ્યો છે. જેમાં પગાર સુધારા, કેડર મજબુતી અને કામકાજની પરીસ્થિતિમાં સુધારો સામેલ છે, કર્મચારીઓ માને છે કે આ મુદ્દાઓના નિરાકરણ વિના આરોગ્ય સેવાઓની ગુણવત્તા પર પણ અસર પડી શકે છે, ચુંટણી સમયગાળા દરમિયાન આ મુદ્દો વધુ સંવેદનશીલ બની ગયો છે. કારણ કે આરોગ્ય ક્ષેત્ર સાથે જોડાયેલા હજારો કર્મચારીઓની અસંતોષની લાગણી રાજકીય રીતે પણ અસરકારક બની શકે છે. આ તરફ સંઘના આગેવાનોનુ કહેવુ છે કે અગાઉના આંદોલન દરમિયાન સરકાર દ્વારા સ્વીકારવામાં આવેલી અનેક મહત્વપૂર્ણ માંગણીઓ આજે પણ કાગળ પર જ છે. ખાસ કરીને ઉચ્ચત્તર પગાર ધોરણ , ટેકનીકલ કેડરના પ્રશ્નો અને વિવિધ જગ્યાઓના અપગ્રેડેશન જેવા મુદ્દાઓ પર હજુ સુધી કોઈ સ્પષ્ટ અમલ જોવા મળ્યો નથી.

### સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ ટાંણે ભાજપની મુશ્કેલીમાં વધારો

# સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરમાં ફરી હુડાનુ ભુત ધુણ્યું : વહિવટી વિસંગતતાઓ દુર નહી કરાય તો ચુંટણી બહિષ્કારની ચીમકી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓનો માહોલ જામ્યો છે. તો કેટલાક ઠેંકાણે ભાજપના નેતાઓ કોંગ્રેસમાં જોડાતા તો કેટલાક નેતાઓ આમ આદમી પાર્ટીમાં જોડાતા તો કેટલાક નેતાઓ ભાજપમાં પણ જોડાઈ રહ્યા છે. સાથે સાથે સાબરકાંઠા જિલ્લાની જિલ્લા પંચાયત, નગરપાલિકા અને તાલુકા પંચાયતોની ચુંટણીઓ યોજાવવાની છે.

ત્યારે જિલ્લાના મુખ્યમથક હિંમતનગરમાં હુડાના નિર્ણયને સરકાર દ્વારા ૪ મહિના અગાઉ સ્થગિત કરવામાં આવ્યો હતો. જે બાદ ૧૧ ગામના ખેડુતોનુ આંદોલન શાંત પડયુ હતું. તે હવે ફરી જવાળા બનીને બહાર આવ્યુ છે. ૧૧ ગામના ખેડુતોનો આરોપ છે કે સરકાર સાથેની બેઠકમાં જે નિર્ણયો લેવાયા હતા તેની સ્થાનિક તંત્ર અમલવારી કરતુ નથી, હિંમતનગરના કાંકણોલમાં આંદોલન સમિતિની એક મહત્વની બેઠક યોજાઈ હતી. જેમાં ખેડુતોએ આક્રોશ વ્યકત કરતા જણાવ્યુ હતુ કે જો સરકાર વહેલી તકે વહિવટી વિસંગતતાઓ દુર નહી કરે અને યોગ્ય જવાબ નહી આપે તો આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણીનો બહિષ્કાર કરવામાં આવશે, એક તરફ આંદોલન સમિતિ ફરી સક્રિય થઈ છે, તો બીજી તરફ ખેડુતોએ હવે આરપારની લડાઈના મંડાણ કર્યા છે, એક તરફ આંદોલન સમિતિ ફરી સક્રિય થઈ છે. તો બીજી તરફ ખેડુતોએ હવે આરપાર ની લડાઈના મંડાણ કર્યા છે. ત્યારે હવે જોવાનુ એ રહેશે કે તંત્ર જાગે છે કે પછી ચુંટણી ટાંણે સરકારની મુશ્કેલીઓ વધશે.

# વડોદરા – મઉ સ્પેશિયલ ટ્રેનના માર્ગ અને સમયમાં સુધારો

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા અને વધારાની ભીડને સમાયોજિત કરવાના ઉદ્દેશ્યથી વડોદરા મંડળથી વડોદરા - મઉ સ્પેશિયલ ટ્રેનનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. ઉત્તર રેલવેના લખનૌ મંડળમાં કાનપુર સેન્ટ્રલ - કાનપુર બ્રિજ લેફ્ટ બેંક વચ્ચે 'મેગા બ્લોક' ના કારણે આ ટ્રેનના માર્ગ અને સમયમાં સુધારો કરવામાં આવ્યો છે. આ ટ્રેન ૧૧ એપ્રિલ ૨૦૨૬ થી વડોદરા જંકશનને બદલે પ્રતાપનગરથી શરૂ અને સમાપ્ત થશે.

વડોદરા મંડળના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા જાહેર કરવામાં આવેલી એક અખબારી યાદી મુજબ, આ ટ્રેન ટુંડલા, કાનપુર સેન્ટ્રલ, લખનૌ, સુલતાનપુરના બદલે ટુંડલા, ગોવિંદપુરી, પ્રયાગરાજ, જ્ઞાનપુર રોડ, બનારસ, ઔંરિહારના પરિવર્તિત માર્ગ પર દોડશે. આ ટ્રેન ૧૧ એપ્રિલ, ૨૦૨૬ થી વડોદરા-મઉ-વડોદરાને બદલે પ્રતાપનગર-મઉ-પ્રતાપનગર વચ્ચે સંચાલિત થશે.

- ટ્રેન સંખ્યા ૦૯૧૯૫/૦૯૧૯૬ પ્રતાપનગર – મઉ સાપ્તાહિક સ્પેશિયલ

ટ્રેન સંખ્યા ૦૯૧૯૫ પ્રતાપનગર-મઉ સુપરફાસ્ટ સ્પેશિયલ દર શનિવારે ૧૬.૦૦ કલાકે પ્રતાપનગરથી પ્રસ્થાન કરશે અને બીજા દિવસે ૧૮:૦૦ કલાકે મઉ પહોંચશે. આ ટ્રેન ૧૧ એપ્રિલ ૨૦૨૬ થી ૨૫ જુલાઈ, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન સંખ્યા ૦૯૧૯૬ મઉ-પ્રતાપનગર સુપરફાસ્ટ સ્પેશિયલ મઉથી દર રવિવારે ૨૩.૨૫ કલાકે પ્રસ્થાન કરશે અને મંગળવારે ૦૩.૧૫ કલાકે પ્રતાપનગર પહોંચશે. આ ટ્રેન ૧૨ એપ્રિલ ૨૦૨૬ થી ૨૬ જુલાઈ, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે.

માર્ગમાં આ ટ્રેન બંને દિશામાં વડોદરા, ગોધરા, દાહોદ, રતલામ જંકશન, કોટા જંકશન, ગંગાપુર સિટી, બયાના જંકશન, રૂપવાસ, આગ્રા કેન્ટ, ફતેહાબાદ, ભાભર, ઈટાવા, ગોવિંદપુરી, પ્રયાગરાજ જંકશન, જ્ઞાનપુર રોડ, બનારસ, વારાણસી અને ઔંરિહાર સ્ટેશનો પર ઉભી રહેશે.

ટ્રેનના સ્ટોપેજ, સમય અને સંરચના વિશે વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www. enquiry. indianrail. gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# ટ્રેક નવીનીકરણ કાર્ય માટે લેવલ ક્રોસિંગ નંબર ૧૦૯ (પીપલી–વરાહી) પર ૧૨ દિવસ માટે માર્ગ વાહન વ્યવહાર અસ્થાયી રૂપે બંધ રહેશે

અમદાવાદ મંડળ અંતર્ગત રેલ સુરક્ષા અને આધુનિકીકરણને ધ્યાનમાં રાખીને પીપલી–વરાહી ખાંડ પર રેલ કિમી ૧૨૭/૧-૨ પર આવેલ લેવલ ક્રોસિંગ નંબર ૧૦૯ પર ટ્રેક નવીનીકરણ કાર્ય હાથ ધરવામાં આવશે. આ કાર્યને કારણે માર્ગ વાહન વ્યવહારને તા. ૧૧ એપ્રિલ, ૨૦૨૬ના સવારે ૦૭:૦૦ વાગ્યાથી તા. ૨૨ એપ્રિલ, ૨૦૨૬ના રાત્રે ૨૨:૦૦ વાગ્યા સુધી (કુલ ૧૨ દિવસ) માટે અસ્થાયી રૂપે બંધ રાખવામાં આવશે.

યાત્રીઓ અને માર્ગ ઉપયોગકર્તાઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ સમયગાળા દરમિયાન માર્ગ વાહન વ્યવહારને રેલ કિમી ૧૨૮/૨-૩ પર આવેલ લેવલ ક્રોસિંગ નંબર ૧૧૧ (પીપલી–વરાહી) મારફતે ડાયવર્ટ કરવામાં આવશે.

ટ્રેક નવીનીકરણ કાર્ય પૂર્ણ થવાથી રેલ સુરક્ષામાં વધારો થશે, અકસ્માતોની સંભાવના ઘટશે તેમજ ટ્રેનોનું સંચાલન વધુ સુવ્યવસ્થિત અને સમયસર થઈ શકશે. ઉપરાંત ટ્રેકની ગુણવત્તામાં સુધારાથી જાળવણીની જરૂરિયાત ઘટશે અને યાત્રીઓ તેમજ માર્ગ ઉપયોગકર્તાઓને વધુ સુરક્ષિત અને ઉત્તમ સુવિધાઓ પ્રાપ્ત થશે.

રેલવે પ્રશાસન દ્વારા સામાન્ય જનતાને અપીલ કરવામાં આવે છે કે તેઓ દર્શાવેલ સમયગાળા દરમિયાન નિર્ધારિત વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરે અને સહકાર આપે, જેથી કાર્ય સુચારુ રીતે પૂર્ણ થઈ શકે અને કોઈપણ પ્રકારની અસુવિધાથી બચી શકાય.

### સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની સામાન્ય ચૂંટણી-૨૦૨૬

# અમદાવાદમાં મતાધિકાર જાગૃતિ માટે 'સ્વેપ' અભિયાનમાં ૧૯૦૦ શાળાઓના ૧.૫ લાખ વિદ્યાર્થીઓ જોડાયા

### શિક્ષણ વિભાગની સરાહનીય પહેલ હેઠળ શતાયુ મતદારો અને યુવાઓ સાથે અમદાવાદમાં ગુંજશે ૧૦૦% મતદાનનો નાદ





અમદાવાદમાં આગામી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની સામાન્ય ચૂંટણીમાં મહત્તમ મતદાન થાય તે હેતુથી શિક્ષણ વિભાગ દ્વારા એક વિશેષ જનજાગૃતિ મુહિમ છેડવામાં આવી છે. અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી અને 'સ્વેપ' (Systematic Voters' Awareness Plan) નોડલ અધિકારી શ્રી આર. એમ. ચૌધરીના સીધા માર્ગદર્શન હેઠળ શહેરની લગભગ ૧૯૦૦ શાળાઓમાં અભૂતપૂર્વ આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ૧.૫ લાખથી વધુ વિદ્યાર્થીઓએ ચિત્ર અને નિબંધ સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લીધો છે.

આ અભિયાન અંતર્ગત અમદાવાદની અનેક અગ્રણી શાળાઓમાં સાયકલ રેલી, સેલ્ફી પોઈન્ટ અને સિગ્નેચર કેમ્પિયન જેવા કાર્યક્રમો યોજાયા હતા. આ મુહિમનું મુખ્ય આકર્ષણ NCC, NSS અને સ્કાઉટના વિદ્યાર્થીઓ છે, જેઓ પોતાના વિસ્તારના 'શતાયુ મતદારો' (૧૦૦ વર્ષથી વધુ વયના) કે જેમણે અત્યાર સુધીની તમામ ચૂંટણીઓમાં અચૂક મતદાન કર્યું છે, તેમનો સંપર્ક કરી તેમનો પ્રેરણાદાયી સંદેશ જન-જન સુધી પહોંચાડશે.

આગામી દિવસોમાં વિદ્યાર્થીઓ દ્વારા વાલીઓને મતદાન માટે ખાસ મેસેજ કરવા અને નવા યુવા મતદારોને લોકશાહીના આ પર્વમાં જોડવા માટે સઘન આયોજન કરવામાં આવ્યું છે.

'શિક્ષિત મતદાતા, સચેત મતદાતા' અને 'મારો મત, મારી તાકાત' જેવા સૂત્રો સાથે વિદ્યાર્થીઓએ પોસ્ટર રેલી યોજી તા. ૨૬ એપ્રિલ, ૨૦૨૬ના રોજ થનાર મતદાનમાં સૌને સહભાગી થવા અપીલ કરી હતી. કાર્યક્રમના અંતે તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓએ શત-પ્રતિશત મતદાન કરવાના સામૂહિક શપથ લીધા હતા. આ પ્રસંગે શ્રેષ્ઠ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી, શિક્ષણ વિભાગે શાળાઓના માધ્યમથી ઘરે-ઘરે લોકશાહીના આ મહાપર્વનો સંદેશ પહોંચાડી રાષ્ટ્રનિર્માણમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું છે.

### અમદાવાદ મંડળમાં અપગ્રેડેશન મામલાઓ પર મહત્વપૂર્ણ ન્યાયિક નિર્ણય

# ૩ વર્ષથી લંબિત ૧૦ કેસનો એક મહિનામાં નિરાકરણ, ૩૨૧ કર્મચારીઓને પ્રમોશનનો લાભ

અમદાવાદ મંડળ હેઠળ કાર્યરત કેટલાક રેલવે કર્મચારીઓ દ્વારા વેતન મેટ્રિક્સના લેવલ-૭ થી લેવલ-૮માં અપગ્રેડેશન માટે બહાર પાડવામાં આવેલી પાત્રતા યાદીને પડકારતા, કેન્દ્રીય વહીવટી અધિકરણ (Central Administrative Tribunal – CAT), અમદાવાદ સમક્ષ કુલ ૧૦ મૂળ આવેદન (Original Applications) રજૂ કરવામાં આવ્યા હતા. આ તમામ કેસો લગભગ ત્રણ વર્ષથી લંબિત હતા, જેના કારણે સંબંધિત કર્મચારીઓમાં અનિશ્ચિતતા સર્જાઈ હતી.

મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશના માર્ગદર્શન હેઠળ તથા વરિષ્ઠ મંડળ કાર્મીક અધિકારી શ્રી સિદ્ધાર્થ અને કાયદા અધિકારી શ્રી મુકેશ શ્રીવાસ્તવ તથા તેમની ટીમના સંયુક્ત પ્રયત્નોથી આ કેસોના ઝડપી નિરાકરણ માટે વિશેષ પહેલ કરવામાં આવી. જેના પરિણામે બંને પક્ષોની નિષ્પક્ષ દલીલો બાદ તમામ ૧૦ કેસોનો નિર્ણય માત્ર એક મહિનામાં કરવામાં આવ્યો.

રેલવે બોર્ડના પત્ર મુજબ કેટલીક શ્રેણીઓમાં ૫૦% પદોને લેવલ-૭ થી લેવલ-૮માં અપગ્રેડ કરવામાં આવ્યા હતા. આ પ્રક્રિયા હેઠળ પાત્ર કર્મચારીઓ માટે પસંદગી/પાત્રતા યાદી જાહેર કરવામાં આવી હતી. કેટલાક કર્મચારીઓએ દલીલ કરી હતી કે આ માત્ર આર્થિક લાભ (Financial Upgradation) છે, તેથી તેમાં આરક્ષણ (Reservation) લાગુ ન થવું જોઈએ. આ આધાર પર પાત્રતા યાદીને CATમાં પડકારવામાં આવી હતી.

માનનીય CAT, અમદાવાદે ૦૬.૦૪.૨૦૨૬ના પોતાના આદેશમાં સ્પષ્ટ કર્યું કે આ અપગ્રેડેશન માત્ર વેતન વૃદ્ધિ નથી, પરંતુ તેમાં પ્રમોશનની તમામ જરૂરી લક્ષણો સામેલ છે, તેથી તેને પ્રમોશન તરીકે જ માનવામાં આવશે.

લેવલ-૭ થી લેવલ-૮નું આ અપગ્રેડેશન "સામાન્ય આર્થિક ઉન્નતિ" નથી, પરંતુ "કેડર રીસ્ટ્રક્ચરિંગ દ્વારા પ્રમોશન (Promotion through Cadre Restructuring)" છે. તેથી આ પ્રક્રિયામાં આરક્ષણના નિયમો લાગુ રહેશે.

આ નિર્ણય એક મહત્વપૂર્ણ 'લેન્ડમાર્ક જજમેન્ટ' તરીકે સામે આવ્યો છે, જેનાથી માત્ર અમદાવાદ મંડળ જ નહીં પરંતુ સમગ્ર પશ્ચિમ રેલવે ઝોન તથા ભારતીય રેલવેના કર્મચારીઓને માર્ગદર્શન અને લાભ મળશે. આ નિર્ણય ભવિષ્યમાં આવા તમામ કેસો માટે સ્પષ્ટ દિશા નક્કી કરશે.

નિર્ણય પ્રાપ્ત થતાં જ અમદાવાદ મંડળના કાર્મીક વિભાગ દ્વારા તાત્કાલિક પગલાં લઈ તમામ ૧૦ કેસોના આદેશોનું એક જ દિવસે સંપૂર્ણ અને અસરકારક અમલીકરણ સુનિશ્ચિત કરવામાં આવ્યું.

આ મહત્વપૂર્ણ નિર્ણયના પરિણામે અમદાવાદ મંડળની ૧૦ વિવિધ શ્રેણીઓમાં કુલ ૩૨૧ કર્મચારીઓને લેવલ-૮માં પ્રમોશનનો લાભ મળ્યો છે.

# બાડમેર બોર્ડર પરથી ૫ કિલો ડ્રગ્સ જપ્ત; પાકિસ્તાની કાવતરાનો પર્દાફાશ

### ઈકો ગાડીમાં ગુજરાત આવી રહેલું ડ્રગ્સ ATSએ રસ્તામાં જ ઝડપ્યું : ૫ કિલો મેથામ્ફેટામાઈન સાથે બેની ધરપકડ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાત અને રાજસ્થાન એટીએસ દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરી આંતરરાષ્ટ્રીય ડ્રગ સ્મગલિંગ સિન્ડિકેટનો પર્દાફાશ કર્યો છે. ભારત પાકિસ્તાન બોર્ડર પરથી ડ્રગ્સની હેરાફેરી કરવામાં આવતું હતું. એટીએસ દ્વારા બોર્ડર પરથી અંદાજિત ૨૦ કરોડથી વધુની કિંમતનું પાંચ કિલો મેથામ્ફેટામાઈન ડ્રગ્સ સાથે બે સપ્લાયરોની ધરપકડ કરી છે.

મહત્વનું છે કે, કબજે કરાયેલું ડ્રગ પાકિસ્તાની ડ્રગ સપ્લાયર દ્વારા બોર્ડર પાર કરી મોકલવામાં આવ્યું હોવાનો ખુલાસો થયો છે. જે અંગે બાડમેર પોલીસ મથકે ગુનો નોંધી રાજસ્થાન પોલીસ દ્વારા વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

ગુજરાત એટીએસને બોર્ડર પરથી ડ્રગ્સનો જથ્થો ગુજરાત આવી રહ્યા હોવાની માહિતી મળી હતી. જેને આધારે ગુજરાત અને રાજસ્થાન એટીએસ દ્વારા NH ૬૮ રાજસ્થાનના જેસલમેરથી બનાસકાંઠાને જોડતી બોર્ડર પર પેટ્રોલિંગ શરૂ કર્યું હતું. તપાસ દરમિયાન શંકાસ્પદ ઈકો ગાડીમાંથી શંકરરામ મેઘવાલ અને સલમાન નામના બે યુવકો મળી આવતા તેમની પૂછપરછ અને ગાડીની તપાસ કરતા પીળા રંગની થેલીમાં છુપાવેલું પાંચ કિલો મેથામ્ફેટામાઈન ડ્રગ્સ મળી આવ્યુ હતું. જેથી બાડમેર પોલીસ મથકમાં ગુનો દાખલ કરી, એફએસએલની તપાસ બાદ વધુ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે અને બન્નેની ધરપકડ કરવામાં આવી છે.

બન્ને આરોપીની પૂછપરછ અને એટીએસની પ્રાથમિક તપાસમાં ચોકાવનારા ખુલાસાઓ સામે આવ્યા છે. ઈકો કારમાંથી જે પાંચ કિલો ડ્રગ્સ મળી આવ્યું છે તેની અંદાજિત કિંમત ૨૦ કરોડથી વધુની છે. આ ડ્રગ્સ પાકિસ્તાનના થારપારકર વિસ્તારમાં રહેતા ડ્રગ્સ સપ્લાયર મસાત મુબારક દ્વારા મોકલવામાં આવ્યુ હોવાનો ખુલાસો થયો છે. ડ્રગ્સ સાથે પકડાયેલા શંકરરામની તપાસમાં તે પાકિસ્તાની સપ્લાયર મસાત મુબારક સાથે વોટ્સએપના માધ્યમથી સંપર્કમાં હોવાનું સામે આવ્યું છે.

પાકિસ્તાન બોર્ડરની નજીક આવેલા રણ વિસ્તારમાં આ ડ્રગ્સ પહેલેથી જ છુપાવેલું હોવાનું સામે આવતા પોલીસે ડેડ ડ્રોપ દ્વારા ચાલતી સપ્લાય ચેન અંગે તપાસ શરૂ કરી છે. સાથે જ શંકરરામ છેલ્લા ત્રણ મહિનાથી પાકિસ્તાનના સંપર્કમાં હોવાના પણ પુરાવા મળી આવ્યા છે. બન્ને આરોપીઓ બાડમેરમાં રહે છે અને મજૂરી કામ કરે છે.

પાકિસ્તાન ભલે રસ્તો બદલે, પણ ગુજરાત એટીએસની નજરથી બચવું મુશ્કેલ છે...મજૂરીના ઓથા હેઠળ ડ્રગ્સની હેરાફેરી કરતા આ શખ્સો હવે જેલના સળિયા પાછળ છે, પરંતુ અસલી સવાલ એ છે કે ગુજરાતમાં બેઠેલો એ 'મોટો માથું' કોણ છે જે આ ૨૦ કરોડના ડ્રગ્સની રાહ જોઈ રહ્યો હતો?

ગુજરાત એટીએસને મળેલી બાતમીના આધારે પોલીસે તપાસ કરતા ૨૦ કરોડથી વધુનો ડ્રગ્સ તો મળી આવ્યું. પરંતુ, આ ડ્રગ્સ ત્યાં સપ્લાય કરવાનું હતું. કોને આપવાનું હતું. ક્યાંથી મેળવ્યું હતું. ઈકો કાર કોની છે આ પ્રકારના અનેક સવાલના જવાબ મળ્યા નથી. જેથી રાજસ્થાન પોલીસની તપાસમાં શું નવા ખુલાસા થાય છે અને આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ રેકેટમા શું હકિકત સામે આવે છે તે જોવું મહત્વનું છે.

### માત્ર ૩૬ કલાકમાં પોલીસે સત્ય બહાર લાવી દીધું

# પ્રેમી સાથે મળી પતિનો ખેલ ખતમ કર્યો, પછી પોલીસને પણ ગોઢે ચઢાવી

(સંપૂર્ણ સમાચાર સેવા)ભોપાલ

મધ્યપ્રદેશના ધાર જિલ્લામાંથી એક હચમચાવી દેનારી ઘટના સામે આવી છે. અહીં એક પત્નીએ જ પોતાના પતિની હત્યાનું કાવતરું ઘડ્યું અને ગુનાને છુપાવવા માટે એવી વાર્તા ઉભી કરી કે શરૂઆતમાં તો પોલીસ પણ ચકરાવે ચડી ગઈ હતી. જોકે, માત્ર ૩૬ કલાકમાં પોલીસે આ 'માસ્ટરમાઈન્ડ' પત્નીના મગરમચ્છના આંસુ પાછળનું સત્ય શોધી કાઢ્યું છે.

ધાર જિલ્લાના ગોંદીખેડા ચારણ ગામમાં રહેતા દેવકૃષ્ણ રોહિતની નિર્મમ હત્યાથી સમગ્ર વિસ્તારમાં સનસનાટી મચી ગઈ હતી. ઘટનાની રાત્રે દેવકૃષ્ણની પત્ની પ્રિયંકાએ જોરજોરથી બૂમો પાડીને ગ્રામજનોને ભેગા કર્યા હતા. તેણે રડતા-રડતા એવી કહાની સંભળાવી કે કેટલાક અજાણ્યા શખ્સો ઘરમાં ઘૂસી આવ્યા હતા, તેઓએ તેના પતિ પર ધારદાર હથિયારથી હુમલો કર્યો અને તેને (પ્રિયંકાને) બંધક બનાવીને લૂંટ ચલાવી. પ્રિયંકાના આંસુ એટલા અસલી લાગતા હતા કે કોઈને પણ તેના પર શંકા ન ગઈ. જ્યારે પોલીસ ઘટનાસ્થળે પહોંચી ત્યારે તપાસ દરમિયાન કેટલીક શંકાસ્પદ કડીઓ મળી આવી. ઘરમાં જબરદસ્તી પ્રવેશના કોઈ નિશાન નહોતા અને લૂંટની રીત પણ શંકાસ્પદ લાગતી હતી. એસપી મયંક અવસ્થીના નેતૃત્વમાં ટીમે જ્યારે ટેકનિકલ પુરાવા અને કોલ ડિટેલ્સ તપાસી, ત્યારે પ્રિયંકાની વાર્તા ખોટી સાબિત થવા લાગી. કડક પૂછપરછમાં અંતે તેણે પોતાનો ગુનો કબૂલી લીધો હતો.

તપાસમાં બહાર આવ્યું કે પ્રિયંકા અને દેવકૃષ્ણના લગ્ન બાળપણમાં જ થઈ ગયા હતા. પુખ્ત વયના થયા બાદ જ્યારે પ્રિયંકાને પતિ સાથે રહેવા માટે દબાણ કરવામાં આવ્યું, ત્યારે તે તૈયાર નહોતી. કારણ કે, પ્રિયંકાને તેના જ ગામના કમલેશ નામના યુવક સાથે વર્ષોથી પ્રેમ સંબંધ હતો. તે ઘણીવાર તેના પતિ સાથે ઝઘડો કરીને પિયર જતી રહેતી હતી અને તેના પ્રેમી સાથે રહેવા માંગતી હતી.

પ્રિયંકાએ તેના પ્રેમી કમલેશ સાથે મળીને પતિને રસ્તામાંથી હટાવવાનો પ્લાન બનાવ્યો. કમલેશે તેના મિત્ર સુરેન્દ્રને ૧ લાખ રૂપિયામાં સોપારી આપી. પ્લાન મુજબ, સુરેન્દ્ર રાત્રે ઘરમાં ઘૂસ્યો અને ઊંઘી રહેલા દેવકૃષ્ણની હત્યા કરી દીધી. હત્યા બાદ પ્રિયંકાને દોરડાથી બાંધી દેવામાં આવી જેથી આ લૂંટનો કેસ લાગે. જોકે, પોલીસે લૂંટાયેલો સામાન પ્રિયંકાના જ ઘરમાંથી શોધી કાઢ્યો હતો. મૃતક દેવકૃષ્ણની બહેન અને માતાએ જણાવ્યું કે પ્રિયંકા હંમેશા દેવકૃષ્ણને અપમાનિત કરતી હતી અને કહેતી હતી કે "તું મારા લાયક નથી." પરિવારનો આરોપ છે કે ૨૦૨૦થી આ પ્રેમ પ્રકરણ ચાલતું હતું. હાલ પોલીસે પ્રિયંકા અને તેના પ્રેમી કમલેશની ધરપકડ કરી છે, જ્યારે હત્યા કરનાર ત્રીજા આરોપી સુરેન્દ્રની શોધખોળ ચાલુ છે.

# સુપ્રીમ કોર્ટનો કેન્દ્ર સરકારને વેધક સવાલ: શું ટ્રેઈનીંગ લઈ રહેલો ઉમેદવાર દિવ્યાંગ બને તો સરકાર શું તેને ભૂતપૂર્વ સૈનિક માનશે?

(છગનલાલ મેવાડા દ્વારા) સુરત દેશની સર્વોચ્ચ અદાલત એવી સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર ને પૂછ્યું છે કે શું સેનામાં પસંદગી પામ્યા બાદ તાલીમ દરમ્યાન ઘાયલ અથવા દિવ્યાંગ બનેલા લશ્કરી કેડેટસને ભૂતપૂર્વ સૈનિકનો દરજ્જો આપી શકાય અને સરકારી નોકરીઓમાં તેને અનામતનો લાભ આપી શકાય? સુપ્રીમ કોર્ટે આ યુવા કેડેટસ સામે ઊભી થતી રોજગારીની જરૂરિયાતો અને પડકારો પર ચિંતા વ્યક્ત કરી છે.

સુપ્રીમ કોર્ટે સરકારને આ મુદ્દાઓ પર વિગતવાર જવાબ આપવાનો નિર્દેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે તાલીમ દરમ્યાન ઈજાઓ અથવા દિવ્યાંગતાને કારણે કેડેટસને આવતી મુશ્કેલીઓ સાથે સંબંધિત આ મામલાની સુઓ મોટો સુનાવણી કરી રહી છે.

સુનાવણી દરમ્યાન જસ્ટિસ બી.વી.નાગરત્ના અને ઉજ્જલ ભૂયાનની બેન્ચે નોંધ્યું હતું કે મોટા ભાગના લશ્કરી કેડેટસ ૩૦ વર્ષથી ઓછી ઉંમરના છે અને તેમને રોજગારીની સખત જરૂર છે. શું તબીબી કારણસર બાકાત રાખવામા આવેલા કેડેટસ સરકારી અને અર્ધપ્રતિષ્ઠિત હોદાઓમાં અનામતનો લાભ મેળવી શકે?

આ મુદ્દે કેન્દ્ર સરકારનું પ્રતિનિધિત્વ કરતાં એડિશનલ સોલિસિટર જનરલ એન. વેંકટરામને ખાતરી આપી હતી કે આ બાબતે વ્યાપક ઉત્તર આપવામાં આવશે.

૫૦૦ કેડેટસ ની સમસ્યા

સને ૧૯૮૫થી લગભગ ૫૦૦ કેડેટસને વિવિધ ડિગ્રીની વિકલાંગતાને કારણે તાલીમ માંથી છૂટા કરવામાં આવ્યા છે. આ મુદ્દા પર સુપ્રીમ કોર્ટની સક્રિયતા આ કેડેટસની સમસ્યાઓને એક નવા સ્તરે લઈ ગઈ છે. જેનાથી તેમના અધિકારો અને તકોનું રક્ષણ થયું છે.

સ્પેશ્યલ ઈન્વેસ્ટિગેશન ટીમના ચીફ તેજસ્વી સાતપુતે ની સાફ વાત

# અશોક ખરાતનો ભોગ બનેલી મહિલાઓ હિમ્મતથી આગળ આવી રહી છે ત્યારે આ કેસમાં મીડિયા-ટ્રાયલ ન થવી જોઈએ

(છગનલાલ મેવાડા દ્વારા) સુરત અશોક ખરાત કેસમાં રચવામાં આવેલી સ્પેશ્યલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) ના વડા તેજસ્વી સાતપુતે એ આ કેસ સંદર્ભે વિગતો આપતા જણાવ્યું હતું કે ''પીડિતાઓ અને તેમના કુટુંબીજનોના ઈન્ટરવ્યુ લેવા પર બંધી છે. આ કેસમાં મીડિયા ટ્રાયલ ન થવી જોઈએ. પીડિતાઓની ઓળખ થાય એવા વિડીયો વાઈરલ કરનારાઓ પર કડક કાર્યવાહી થઈ શકે છે.





આ કેસ સંદર્ભે ૪૯૫૦ વિડીયો લિંક્સ વાઈરલ થઈ હતી. જે સાયબર ટીમે ડિલીટ કરી છે. વળી સોશિયલ મીડિયા પર પણ વાંધાજનક પોસ્ટ ફોરવર્ડ કરાતી હતી એવા ૪૫૧ એકાઉન્ટ પણ કાયમ માટે ડિલીટ કરવામાં આવ્યા છે. આ પ્રકરણ બહુ જ સેન્સિટિવ છે. એથી ચાર્જશીટ દાખલ ન થાય ત્યાં સુધી કેટલીક વિગતો ગુપ્ત રાખવી જરૂરી છે. આ પ્રકરણમાં સગીરનો સમાવેશ નથી.

અશોક ખરાત કહે છે:- ઝુકતી હે દુનિયા, ઝુકાનેવાલા ચાહીએ.

અશોક ખરાત કેસ ની તપાસ કરી રહેલી સ્પેશ્યલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) ની પૂછપરછ દરમ્યાન અશોક ખરાતે કબૂલાતનામામાં એવું વિવાદાસ્પદ સ્ટેટમેન્ટ આપ્યું હોવાનું સૂત્રોએ કહ્યું હતું કે '' હું કોઈ વશીકરણ નહોતો કરતો, ચમત્કાર નહોતો કરતો. હાથચાલાકી અને યુક્તિઓ વાપરીને મહિલાઓને જાળમાં ખેંચતો હતો. ઝુકતી હે દુનિયા, ઝુકાનેવાલા ચાહીએ.''

અશોક ખરાત મહિલાઓની શ્રદ્ધાનો ગેરલાભ ઉઠાવતો હતો. અને તેમને ડરાવી દેતો હતો. એમ જણાવતા તેજસ્વી સાતપુતે એ વધુમાં કહ્યું હતું કે ''અશોક ખરાત નંગ, ચિચુકા, રુદ્રાક્ષ, પુજાવિધી વગરે આપી ને મહિલા પાસેથી પૈસા પડાવતો હતો. આમ કરીને તે અંધશ્રધ્ધા ફેલાવતો હતો.

અત્યાર સુધી ભોગ બનેલી મહિલાઓએ લોકો શું કહેશે એવું વિચારીને અન્યાય સહન કર્યો હતો. પરંતુ હવે હિમ્મતથી મહિલાઓ આવી રહી છે એ મોટી વાત છે.

# કોંગ્રેસના લંગડા ઘોડાની ખુલી પોલ : ભાજપ સાથે ઈલુ ઈલુ રમીને પક્ષને હોમી દેવાનો રચાતો કારસો

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદ શહેર કોંગ્રેસમાં છેલ્લા ૨૦ વરસથી ચાલતી ભીતરની રમત હવે ચકચારે ચઢી છે. ભાજપને હરાવવાને બદલે તેની સાથે ગુપ્ત સમજુતી કરીને ઈલુ ઈલુ રમતા કોંગ્રેસના મોટા ગજાના નેતાઓ અને પૂર્વ ધારાસભ્યોની પોલ ખુલ્લી પડી ગઈ છે. મહાનગરપાલિકાની ચુંટણીમાં પોતાના માનીતા અને બિન અનુભવી ઉમેદવારોને ટીકીટ અપાવીને આ નેતાઓ ૨૦૨૭ ની વિધાનસભા ચુંટણી માટેનું ભંડોળ એકઠુ કરી રહ્યા હોવાના ગંભીર આક્ષેપો કાર્યકરોમાં ઉઠયા છે.



ટીકીટો વહેંચ્યા પછી પણ ફોર્મ ભરવામાં કરવામાં આવતો વિલંબ એ પક્ષને જીતાડવા માટે નહી ,પણ સામેના પક્ષને બિનહરીફ જીતાડવા અથવા વોક ઓવર આપવા માટેની સુનિયોજીત કાવતરુ હોવાનુ જણાય છે. ડમી ઉમેદવારો જાહેર ન કરવા અને ફોર્મ માટે લીગલ ટીમ સહિતની વ્યવસ્થાનો અભાવ હોવાના આક્ષેપો ઉમેદવારો જ કરી રહ્યા છે. કુબેરનગર, શાહપુર , નિકોલ અને જમાલપુર જેવા ૧૫ જેટલા મહત્વના વોર્ડમાં હજુ સુધી ગોઠવણ થઈ ન હોવાથી ઉમેદવારોના નામ જાહેર કરાયા નથી, આ વિલંબ પાછળ વહિવટની ગંધ આવી રહી છે. નવાઈની વાત તો એ છે કે જયાં ભાજપ મજબુત છે તેવા રાણીપ, ઘાટલોડીયા અને થલતેજ જેવા વોર્ડ માં ઉમેદવારો જાહેર કરી દેવાયા છે. પરંતુ જયાં કોંગ્રેસ જીતી શકે તેમ છે, ત્યાં જાણી જોઈને ખેંચતાણ ઉભી કરવામાં આવી છે. જે નેતાઓ ૨૦ વરસથી સંગઠન પર કબ્જો જમાવી બેઠા છે તેઓ માત્ર પોતાના આર્થિક સ્વાર્થ માટે કાર્યકરોની મહેનત પર પાણી ફેરવી રહ્યા છે. ટીકીટ વહેંચણીમાં વહિવટ પુરો ન થાય ત્યાં સુધી નામો જાહેર ન કરવા અને ફોર્મ ભરવામાં છેલ્લી ઘડી સુધી વિલંબ કરવો એ પક્ષ સાથેની ગદ્દારી છે. આ નેતાઓ ૨૦૨૭નુ ભાથું ભેગુ કરવા કોંગ્રેસનુ બલિદાન આપી રહ્યા છે. કુબેરનગર, શાહપુર, જોધપુર, નિકોલ, વિરાટનગર , બાપુનગર, સરસપુર-રખીયાલ, જમાલપુર, વાસણા, સરખેજ, મકતમપુરા, બહેરામપુરા, ગોમતીપુર, ખોખરા અને ઈશનપુર જેવા વોર્ડમાં કોંગ્રેસની આંતરીક ખેંચતાણ પરાકાષ્ઠાએ છે. આ વોર્ડ માં કાં તો ઉમેદવાર બાકી છે અથવા તો જે નક્કી છે તેમને ફોર્મ ભરવા દેવાતા નથી, જેથી ભાજપને સીધો ફાયદો કરાવી શકાય.

# અરવલ્લી જિલ્લાની ઓડ જિલ્લા પંચાયતથી ચુંટણી લડશે પૂર્વ આઈપીએસ મનોજ નિનામા

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

વર્ષ ૨૦૦૬ બેચના ગુજરાત કેડરના આઈપીએસ મનોજ નિનામાએ તાજેતરમાં જ સ્વૈચ્છિક નિવૃત્તિ જાહેર કરી હતી. તેમના રાજીનામાને સરકારે પણ તાત્કાલીક સ્વીકારી લીધુ હતું. તેઓ અરવલ્લી જિલ્લામાંથી ચુંટણી લડશે તેવી રાજકીય ચર્ચાઓ વચ્ચે આજે ગુરુવારે ભાજપે અરવલ્લી જિલ્લા પંચાયતના ઉમેદવારોની યાદી જાહેર કરતા પૂર્વ આઈપીએસ મનોજ નિનામા અરવલ્લી જિલ્લાની ઓડ જિલ્લા પંચાયતના ભાજપના ઉમેદવાર તરીકે તેમની પસંદગી કરવામાં આવી છે.



ગુજરાતમાં આગામી ચુંટણીઓના ધમધમાટ વચ્ચે રાજયના ટ્રાફિક બ્રાન્ચમાં આઈજી તરીકે ફરજ બજાવતા વર્ષ ૨૦૦૬ બેચના આઈપીએસ અધિકારી મનોજ નિનામાએ પોતાના પદ પરથી સ્વૈચ્છિક રાજીનામુ આપી દીધુ હતું. મહત્વની વાત એ છે કે ચુંટણીના આ માહોલ વચ્ચે રાજય સરકાર દ્વારા તેમનુ તાત્કાલીક અસરથી રાજીનામુ સ્વીકારી લેવામાં આવ્યુ હતું. જેના કારણે વહિવટી અને રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી હતી. સુત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર સેન્સ પ્રક્રિયામાં ગોપનીય રીતે ભાજપ પાસે તેમણે ટીકીટ માંગી હતી. શામળાજીના વતની આઈપીએસ મનોજ નિનામાએ આજે ગુરૂવારે વિધીવત રીતે પૂર્વ આઈપીએસ અને મંત્રી પુનમચંદ બરંડાના હસ્તે ભાજપનો ખેસ ધારણ કર્યો હતો.

તેવામાં ભાજપ દ્વારા આજે ગુરૂવારે સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના ૧૩ વોર્ડ ના ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરવામાં આવી હતી. આ સાથે ભાજપે અરવલ્લી જિલ્લા પંચાયતના ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી છે. જેમાં ઓડ બેઠક પરથી પૂર્વ આઈપીએસ મનોજ નિનામાની પસંદગી કરવામાં આવી છે.

# રાજયમાં શિક્ષકોના પગારના ફાંફા : ગ્રાન્ટના અભાવે હજારો પરીવારોની મુશ્કેલી વધી: શૈક્ષણિક સંઘે કરી રજુઆત એડવાન્સ ગ્રાન્ટની માંગણી

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના પ્રાથમિક શિક્ષણ વિભાગમાં ફરજ બજાવતા હજારો શિક્ષકો માટે ચાલુ માસ આર્થિક સંકટ લઈને આવ્યો છે. રાજયના તમામ જિલ્લાઓમાં શિક્ષકોનો ચાલુ મહિનાનો પગાર હજુ સુધી થયો નથી. જેને પગલે શિક્ષકોમાં ભારે રોષ અને ચિંતા જોવા મળી રહી છે. ગ્રાન્ટના અભાવે પગાર અટકી પડતા હવે આ મામલો રાજય સરકારના દરવાજે પહોંચ્યો છે.


પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ - ગુજરાત

પગાર ન થવાને કારણે શિક્ષકોના બજેટ ખોરવાયા છે અને લોનના હપ્તા તેમજ અન્ય ખર્ચાઓ ચુકવવામાં મુશ્કેલી પડી રહી છે. આ ગંભીર સ્થિતિને ધ્યાને લઈ પ્રાથમિક શૈક્ષણિક સંઘ દ્વારા રાજય સરકારને લેખિતમાં રજુઆત કરવામાં આવી છે. સંઘે માંગ કરી છે કે તાત્કાલીક ધોરણે પગાર માટેની ગ્રાન્ટ મંજુર કરવામાં આવે જેથી શિક્ષકોના ખાતામાં જમા થઈ શકે, વારંવાર ઉભા થતા આ પ્રશ્નના કાયમી ઉકેલ માટે પણ સંઘે સરકાર સામે પ્રસ્તાવ મુકયો છે. રજુઆતમાં જણાવવામાં આવ્યુ છે કે ભવિષ્યમાં આવી સ્થિતિ ફરીથી પેદા ન થાય તે માટે સરકારે દર મહિને એડવાન્સમાં ગ્રાન્ટ ફાળવવી જોઈએ. જો સમયસર ગ્રાન્ટ મળે તો વહિવટી પ્રક્રિયાને કારણે થતો વિલંબ ટાળી શકાય છે. અત્યારે તો હજારો શિક્ષકો આશા ભરી નજરે સરકાર તરફ જોઈ રહ્યા છે કે કયારે તેમના મહેનતાણાની રકમ તેમના ખાતામાં જમા થાય છે. આગામી દિવસોમાં ગ્રાન્ટ રીલીઝ નહી થાય તો શૈક્ષણિક સંઘ દ્વારા આંદોલનાત્મક પગલા લેવાની પણ ચર્ચાઓ ચાલી રહી છે.

# નાની દુકાનમાંથી મોટી કંપનીમાં જોડાયા: રાજુ કરપડા ભાજપમાં જોડાતા કોંગ્રેસે આપી પ્રતિક્રિયા

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

સ્થાનિક સ્વરાજયની ચુંટણીના પગલે રાજકીય હલચલ તેજ બની છે. આવામાં આજે ગુરૂવારે ખેડુત નેતા રાજુ કરપડા ભાજપમાં જોડાયા છે. જેના પગલે કોંગ્રેસે પ્રતિક્રિયા આપી હતી. કોંગ્રેસ પ્રવકતા ડો. મનિષ દોશીએ જણાવ્યુ હતુ કે ખેડુત હિત ની વાતો કરનાર નાની દુકાનમાંથી મોટી કંપનીમાં જોડાયા છે. કોંગ્રેસને આ ઘટનાથી કોઈ નવાઈ લાગતી નથી,




આમ આદમી પાર્ટી ભાજપની બી ટીમ છે એમ કહેતા હતા તે વાત સાચી પડી, રાજુ કરપડાએ ખેડુત હિત સાથે વિશ્વાસઘાત કર્યો છે. ખેડુત નેતા રાજુ કરપડા એ કેસરીયા કર્યા છે. પૂર્વ આમ આદમી પાર્ટી ના નેતા ભાજપમાં જોડાયા છે, રાજુ કરપડા સુરેન્દ્રનગર જિલ્લાના ખેડુત નેતા છે. ભાજપ આગેવાનોની હાજરીમાં ભાજપનો કેસરીયો ધારણ કર્યો હતો. આ પ્રસંગે પ્રદેશ મહામંત્રી અને સૌરાષ્ટ્ર ઝોનના પ્રભારી અનિરૂધ્ધ દવે, ભરત બોઘરા અને ગોરધન ઝડફીયા હાજર રહ્યા હતા. નોંધનીય છે કે ગુજરાતભરના ખેડુતોના પ્રશ્નો માટે અવાજ ઉઠાવતા રાજુ કરપડા મુળ સુરેન્દ્રનગરના રાજકારણમાં સક્રિય છે. તેઓ પહેલા આમ આદમી પાર્ટીના નેતા હતા અને થોડા સમય અગાઉ તેઓની બોટાદના હડદડ ગામે મંજુરી વગર મહાપંચાયત યોજવા બદલ તેઓની ધરપકડ થઈ હતી. બાદમાં જેલમાંથી બહાર આવતા જ તેઓએ આમ આદમી પાર્ટી સાથે છેડો ફાડયો હતો અને ગોપાલ ઈટાલીયા સહિત પક્ષના કાર્યકર્તાઓ પર ગંભીર આરોપો લગાવતા રાજકારણ ગરમાયુ હતું.

રાજુ કરપડાએ આમ આદમી પાર્ટીમાંથી છેડો ફાડયા બાદ ગુજરાતમાં હાલ મહાનગરપાલિકા અને પંચાયતોની ચુંટણી વચ્ચે તેઓ ભાજપ પાર્ટીમાં જોડાયા છે. ત્યારે અનેક અટકળો બાદ અંતે ખેડુત નેતા રાજુ કરપડા ભાજપમાં જોડાતા આમ આદમી પાર્ટીને સ્થાનિક સ્વરાજયની ચુંટણી પહેલા જ મોટો ફટકો પડયો છે. ખેડુતોના પાક વિમા, વીજ લાઈન, નુકશાની અંગે વળતર સહિતના મુદ્દે લડત આપનાર તેમજ કડદા આંદોલનમાં સજા ભોગવ્યા બાદ રાજુ કરપડા મોટી સંખ્યામાં ખેડુતો સહિત આગેવાનો સાથે ભાજપમાં જોડાતા રાજકારણમાં ગરમાવો જામ્યો છે. રાજુ કરપડાએ આમ આદમી પાર્ટીમાંથી છેડો ફાડયા બાદ ગુજરાતમાં હાલ મહાનગરપાલિકા અને પંચાયતોની ચુંટણી વચ્ચે તેઓ ભાજપ પાર્ટીમાં જોડાયા છે.

# ગુજરાત ભાજપમાં ટીકીટનો જંગ: મુખ્યમંત્રી નિવાસ સ્થાન પર મેરેથોન મનોમંથન છતાં કોકડુ ગુંચવાયેલું: પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠક ચોથા દિવસે લંબાવાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણી પહેલા ભાજપમાં ઉમેદવાર પસંદગીની પ્રક્રિયા અપેક્ષા કરતા વધુ જટીલ બની રહી છે. ગાંધીનગરમાં મુખ્યમંત્રીના નિવાસસ્થાને ચાલી રહેલી પ્રદેશ પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠક સતત ત્રીજા દિવસે પણ પૂર્ણ ન થતા હવે તેને વધુ એક દિવસ માટે લંબાવવામાં આવી છે. જે પક્ષની અંદરની ખેંચતાણ અને વ્યુહાત્મક ચર્ચાઓ તરફ સંકેત આપે છે.



ગાંધીનગરમાં મુખ્યમંત્રીના નિવાસસ્થાને પ્રદેશ ભાજપની પાર્લામેન્ટ્રી બોર્ડ બેઠક સતત ત્રીજા દિવસે પણ ચાલુ રહી હતી. મુળ આયોજન મુજબ આ બેઠકનો આજે ૯ એપ્રિલે અંતિમ દિવસ માનવામાં આવતો હતો. પરંતુ ઉમેદવાર પસંદગીમાં સહમતિ ન બનતા બેઠકને વધુ એક દિવસ માટે લંબાવવાનો નિર્ણય લેવાયો છે. આજે શુક્રવારે પણ ફરી આ બેઠક મળશે. જેમાં ખાસ કરીને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સહિતની બાકી રહેલી કોર્પોરેશનો માટે ઉમેદવારોના નામો પર અંતિમ ચર્ચા થવાની શકયતા છે. આથી સ્પષ્ટ થાય છે કે ભાજપ માટે આ ચુંટણી માત્ર નિયમિત પ્રક્રિયા નથી પરંતુ વ્યુહાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ બની ગઈ છે.

પાર્લામેન્ટ્રી બોર્ડ બેઠક લાંબી ચાલવાનુ મુખ્ય કારણ ઉમેદવાર પસંદગીમાં જોવા મળતી આંતરીક ખેંચતાણ છે. ભાજપમાં ટીકીટ માટે મોટા પ્રમાણમાં દાવેદારો ઉભા થયા છે. જેના કારણે યોગ્ય ઉમેદવાર પસંદ કરવો પડકારરૂપ બન્યો છે. વિશેષ કરીને શહેરી વિસ્તારોમાં, જયાં કોર્પોરેશનની બેઠકો માટે પ્રભાવશાળી અને જીતવાની ક્ષમતા ધરાવતા ઉમેદવારો પસંદ કરવા પક્ષ વધુ સાવચેત બની રહ્યો છે. આ પ્રક્રિયામાં સ્થાનિક નેતાઓ, જુથબંધી અને સામાજિક સમીકરણો પણ મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. આ બેઠકમાં અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન માટે ઉમેદવારોની પસંદગી સૌથી વધુ ચર્ચાનો વિષય બની છે. અમદાવાદ શહેર રાજયની રાજકીય દ્રષ્ટીએ મહત્વપૂર્ણ ગણાય છે અને કોર્પોરેશનમાં જીત મેળવવી ભાજપ માટે પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની રહે છે. અહેવાલો મુજબ કેટલીક બેઠકો પર ઉમેદવારોને લઈને મતભેદ છે, જેના કારણે અંતિમ યાદી જાહેર કરવામાં વિલંબ થઈ રહ્યો છે. ભાજપ આ વખતે કોઈપણ પ્રકારની જોખમ લેવા તૈયાર નથી અને દરેક બેઠક માટે જીત સુનિશ્ચિત કરી શકે એવા ઉમેદવારને જ પસંદ કરવા માંગે છે.

# અમદાવાદમાં સીનીયર આચાર્યોને વર્ગ-૪ ની ડયુટી અપાતા શિક્ષક સંઘનો ઉગ્ર વિરોધ

પ્રતિનિધિ,ગાંધીનગર

આગામી મ્યુનિસિપલ કોર્પોરેશન, તાલુકા પંચાયત અને નગરપાલિકાઓની ચુંટણીઓને પગલે અમદાવાદ જિલ્લા ચુંટણી તંત્ર એક્શન મોડ માં આવી ગયુ છે. પરંતુ આ ચુંટણીઓ ને પાર પાડવા માટે તંત્ર સામે સ્ટાફની ભારે અછતનુ મોટુ સંકટ ઉભુ થયુ છે. તંત્રને ૩૦ હજાર થી વધુ કર્મચારીઓની તાતી જરૂરિયાત હોવાથી, હવે નિવૃત્ત શિક્ષકો અને બુથ લેવલ ઓફિસર્સ (બીએલઓ) ને પણ ચુંટણી કામગીરીમાં જોડી દેવામાં આવ્યા છે. જો કે ચુંટણી તંત્ર દ્વારા ડયુટીના ઓર્ડર કરવામાં કેટલીક ગંભીર ભુલો થતા શિક્ષણ જગતમાં ભારે વિવાદ અને રોષ જોવા મળી રહ્યો છે. ચુંટણી તંત્રની સૌથી મોટી બેદરકારી એ બહાર આવી છે કે અમદાવાદ જિલ્લાની અનેક શાળાઓના સીનીયર એચ ટાટ મુખ્ય શિક્ષકો અને વરસોનો અનુભવ ધરાવતા સ્કુલના આચાર્યો ને સીધા



પટાવાળા (વર્ગ-૪) તરીકેની કામગીરીના ઓર્ડર પકડાવી દેવામાં આવ્યા છે. આખી જીંદગી શિક્ષણ જગતમાં આદરણીય પદ પર રહીને બાળકોનુ ભવિષ્ય ઘડનારા આચાર્યો ને આવા નીચલા સ્તરના ઓર્ડર મળતા શિક્ષક સંઘોમાં ભારે રોષ ફેલાયો છે. શિક્ષકોની સાથે સાથે બીએલઓ (બુથ લેવલ ઓફિસર્સ) ની કામગીરી કરતા કર્મચારીઓ પણ મુશ્કેલીમાં મુકાયા છે. જે શિક્ષકો પહેલેથી જ બીએલઓ તરીકે ફરજ બજાવી રહ્યા છે તેમને હવે બુથમાં આસી. પ્રિસાઈડિંગ ઓફિસર, તરીકેની વધારાની જવાબદારી પણ સોંપી દેવાઈ છે. બીએલઓ કર્મચારીઓની વ્યવહારૂ ફરીયાદ એ છે કે ચુંટણીના દિવસે તેમની મુખ્ય ફરજ વોટીંગ બુથ ની બહાર બેસીને મતદારોની સ્લિપ અને યાદી ચેક કરવાની હોય છે. જયારે આસી. પ્રિસાઈડિંગ ઓફિસરની ફરજ વોટીંગ બુથની અંદર બેસીને મતદાન પ્રક્રિયા સંભાળવાની હોય છે. હવે મોટો સવાલ એ ઉભો થાય છે કે એક જ કર્મચારી એક જ સમયે બુથની અંદર અને બહારની આ બે મહત્વની ભુમિકાઓ કઈ રીતે નિભાવી શકશે ? તંત્રના આ અણઘડ આયોજનથી કર્મચારીઓમાં ભારે અસમંજસ ઉભી થઈ છે. પ્રાપ્ત આંકડાઓ અનુસાર અમદાવાદ કોર્પોરેશન અને જિલ્લાની ચુંટણીઓ માટે કુલ ૫,૫૦૦ જેટલા વોટીંગ બુથ (જેમાં ૪૨૫૦ કોર્પોરેશન અને ૧૧૦૦ થી વધુ તાલુકા પંચાયતના બુથ ) નક્કી કરવામાં આવ્યા છે. નિયમ મુજબ દરેક બુથ પર પ્રિસાઈડિંગ ઓફિસર , આસી. પ્રિસાઈડિંગ ઓફિસર અને પટાવાળા સહિત ૫ કર્મચારીઓનો સ્ટાફ અનિવાર્ય હોય છે. આ જંગી માનવબળ પુરુ કરવા માટે ચુંટણી તંત્ર પાસે નિવૃત્ત શિક્ષકો અને બીએલઓને વધારાની જવાબદારી સોંપવા સિવાય બીજો કોઈ વિકલ્પ બચ્યો નથી. હવે જોવાનુ એ રહેશે કે શિક્ષક સંઘો દ્વારા નોંધવવામાં આવેલા ઉગ્ર વિરોધ બાદ ચુંટણી તંત્ર આચાર્યોના પટાવાળાના ઓર્ડર અને બીએલઓ ની બેવડી ડયુટીમાં કોઈ સુધારો કરે છે કે નહી,

# ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ પર સંકટ ? ઓબીસી અનામત મામલે દિનેશ બાંભણીયા પહોંચ્યા સુપ્રિમ કોર્ટ : આજે થશે સુનાવણી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીને લઈને મોટો રાજકીય સંકટ ઉભુ થયુ છે. પાટીદાર આગેવાન દિનેશ બાંભણીયાએ ઓબીસી અનામતને લઈને સુપ્રિમ કોર્ટમાં જાહેરહિત ની અરજી દાખલ કરી છે. આ અરજીમાં દલીલ કરી છે કે વર્તમાન ઓબીસી અનામતની નીતીમાં વિસંગતતાઓ છે અને તેને સુધાર્યા વિના ચુંટણી યોજવી બંધારણીય રીતે યોગ્ય નથી.



આ કેસમાં પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકા ચુંટણીમાં અનામત અમલ અંગે પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે. દિનેશ બાંભણીયા દ્વારા અરજીમાં જણાવાયુ છે કે અનામતની વર્તમાન વ્યવસ્થા અગાઉના સુપ્રિમ કોર્ટના ચુકાદા અને બંધારણ સાથે સુસંગત નથી. સુપ્રિમ કોર્ટની મુખ્ય બેંચ આજે શુક્રવારે ૧૦એપ્રિલે આ મામલે દલીલો સાંભળશે. ગાંધીનગરની રાજકારણની પરીસ્થિતિ હવાલે, સ્થાનિક સ્વરાજયની ચુંટણીના ડાકલા પહેલાથી જ મોકલાઈ ચુકયા છે અને મુખ્ય રાજકીય પક્ષો ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી પોતાનુ વોટ શેર વધારવા જોર શરમાવ્યા છે. ઓબીસી અનામતના કવોટા, ટ્રીપલ ટેસ્ટ માપદંડોનુ પાલન અને સીમાંકન મુદ્દા આ પીઆઈએલ માં કેન્દ્રમાં છે. આ સુનાવણી ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીના ભવિષ્ય માટે મહત્વપૂર્ણ ગણાય છે.